THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

૨૮૫૧

# श्री जैनधर्म दर्पण.

## ( पटावळी साथे. )

કવિ ભવાનીશંકર નરસિંહરામની

સહાયતાથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

લીંબડીવાસી.

**જીવણલાલ કાળીદાસ બોહોરા.**

આર્યા.

દર્પણ જ્યમ દેખાડે, મનહર મનુષ્યનાં મોહોડાં;
જૈનધર્મ દર્પણ આ, જણાવશે જૈન ધર્મના ચોડા.

**અમદાવાદમાં,**

"સમશેર બાહાદુર" છાપખાનામાં

સવાઈભાઈ રાયચંદે છાપી.

સંવત ૧૯૪૨—સને ૧૮૮૬

કિંમત ૫ આના.

# अर्पण पात्रिका.

**મહા માન્ય,**

રાજ્યમાન રાજેશ્રી મોતીચંદ તુળશીભાઇ.

કારભારી સાહેબ—મુ૦ રાજકોટ.

**સાહેબ,**

આપ સર્વ ધર્મમાં શ્રેષ્ટ એવા શ્રી જૈનધર્મ ઉપર અત્યંત શ્રદ્ધા રાખોછો. જ્ઞાનામૃતનું પાન કરીને અખંડ આનંદ ભોગવોછો, અને પ્રકટ થતાં જૈનધર્મને લગતાં પુસ્તકોને તનમનને ધનવડે ઘટિત મદદ દોછો, એવા અનેક સગુણોને લીધે આ "જૈનધર્મદર્પણ"ની પોથી આપને અર્પણ કરીને આનંદ પામેછે,

આપનો અતિ તાબેદાર.

**જીવણ કાળીદાસ વ્હોરા.**

२८५१

## सवैया.

मोतीचंद तुळशी छे मोटा.
  मोटी किर्त्ति जेनी मनाय,
कारभार श्रीकार करेने,
  पंडितमां बहुधा पुजाय;
साफ करे इन्साफ सकळनो,
  शांत क्षमानो प्हेरी साज,
प्रेम सहीत अर्पण करी पोथी,
  अति आनंद धरुं हूं आज. १

---०*०---

# પ્રસ્તાવના

ભરત ક્ષેત્રમાં જુગલીયાં એટલે વહેંતીયાં માણસો વસતાં હતા. તેઓ કશો ઉદ્યમ કરતાં ન હતાં, પણ કલ્પવ્રક્ષ વડે મન વાંચ્છીત સુખ ભોગવતાં હતાં; પરંતુ કાળના ભાવને લીધે દીન પ્રતીદીન કલ્પવ્રક્ષના વાંચ્છીત ફળ મળતાં બંધ પડયાં અને તેથી ઉદર પોષણાર્થે હજારો તરેહના ટંટા—તોફાન દીન ઉગે થવાં લાગ્યાં. તેથી "हकार" એ નામનો દંડ ઠરાવ્યો. તે પાંચ પેઢી સુધી ચાલ્યો, તે મુદત પછી તે દંડનુ મહાત્મ ઘટતું થયું એટલે "मकार" નામનો દંડ ઠરાવ્યો. તે પણ પાંચ પેઢી સુધી અમલમાં આવ્યો. તે દંડ પણ નહિ ગણવાથી "धकार" નામનો દંડ ચલાવ્યો. તેને અનુંસરીને રાજા તથા પ્રજા પણ ચાલતાં હતાં.

ચૈદમી પેઢીએ રીષભ દેવ થયા. તેમના પીતાનું નામ નાભી રાજા અને માતાનું નામ મારૂ દેવા હતું તેઓ અકરમી ભોગીપણું કરતા હતા. તેમની પાછળ રીષભ દેવ થયા તેઓએ અકર્મ ભોમી પણુ નીવારીને असी मसी ने कसी એ ત્રણ નામના વેપારમાં પ્રજાને પ્રવિણ કરી અને એકસો શિલ્પકળા, પુરૂષની ૭૨ કળા; સ્ત્રીની ૬૪ કળા અને અઢારજાતની લીપી શિખવીને ૬૩ લાખ પુર્વ સુધી નીતિએ રાજય ચલાવ્યું પછી આ અસાર સંસારની માયા છોડી, સ્વહસ્તે દિક્ષા ધારણ કરી, પરિપુર્ણ જ્ઞાની થયા એવી જ્ઞાનમય હાલતમાં તેમણે એક લાખ પુર્વ સુધી સંજમ પાળયો અને દશ હજાર શીષ્યો સાથે શ્રી અસ્ટાપદ પર્વતને વીષે નિર્વાણ થયા.

શ્રી રીષભદેવ એ જૈન ધર્મના આદી તિર્થંકર ગણાયછે તે મની પછી બીજા તેવીશ તિર્થંકર થયા. તેમાંના છેલ્લા શ્રી મ હાવિર સ્વામી હતા.

આ પટાવળીમાં અમે ભગવત શ્રી મહાવિર સ્વામિથી આ જ સુધી પ્રવર્તેલા કેડાની વંશાવળી દાખલ કરવાની કોશીશ ક રી છે મુળ વંશાવળીનો અહિં તહિં વેરણ છેરણ થયેલો ભા ગ એકઠો કરતાં અને તેમાંથી સત્યાસત્યનું શોધન કરીને ગો ઠવતાં અમને કેટલે દરજજે મુશ્કેલી નડી હતી. તેઅમે પો તેજ સમજી શકીશું.

શ્રી મહાવિર સ્વામી પછીનો શીલ શિલાબંધ કેડો મળી આવતો નથી, સબબ વચમાં બહુ દુષ્કાળ પડ્યા અને એ ભ યંકર દુષ્કાળને લીધે સત્ય જૈન ધર્મને બદલે અનેક કુભિન્નભિ ન્ન મત પ્રકટ થયા તે છતાં બની આવીછે તેટલી સત્ય ઐતીહા સીક બીનાનો આ પોથીમાં સંગ્રહ કર્યોછે.

આ સંગ્રહ છપાવતાં જે જે જૈન સાધર્મી ભાઇઓએ આ શ્રય આપ્યો છે તેમનો અંતઃકરણથી આભાર સ્વીકારવાની જરૂર જોઇએ છીએ છેવટે જણાવવાની રજા લઇએ છીએ કે આ પુસ્તકની જો સાધર્મી ભઇઓ કદર પીછાણશે તો આ વાંજ બીજાં ઉપયોગી જૈન ધર્મ દર્પણનાં પુસ્તકો પ્રકટ કરવા ની તક લઇશ.

લીંબડી. }
શ્રાવણ વદિ ૭ }

**જીવણ કાળીદાસ વ્હોરા.**
જૈન ધર્મ દર્પણનો બનાવનાર.

२५५१

# जैन धर्म दर्पण.

(प्रथम दर्शन.)

## श्री पटावळी.

—— ——o✻o——

## मंगळा चरण

## श्री सिद्धनी स्तुति.

### हरिगीत छंद.

તમે તરણ તારણ દુઃખ નિવારણ ભવિક જન આરાધનં,
શ્રી નાભી નંદન જગત વંદન, આદીનાથ નિરંજનં;
જગત ભુષણ વિગત દુષણ, પ્રણવ પ્રાણ નિરૂપકં,
ધ્યાન રૂપ અનુપ ઉપમા, નમો સિદ્ધ નિરંજનં. 1
ગગન મંડળ મુક્તિ પદવી, સર્વ ઊર્દ્ધ નિવાશનં,
જ્ઞાન જ્યોતિ અનંત રાજે, નમો સિદ્ધ નિરંજનં, 1
અજ્ઞાન નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાયુષં,
નામ ગોત્ર નિરંતરાયં, નમો સિદ્ધ નિરંજનં, ૨
વિકટ ક્રોધા માન યોદ્ધા, માયા લોભ વિસર્જનં,
રાગ દ્વેશ વિગર્દ અંકુર, નમો સિદ્ધ નિરંજનં;

વિમળ કેવળ જ્ઞાન લોચન ધ્યાંન શુકલ સમીરિતં,
યોગી નાતિ ગમ્ય રૂપં, નમો સિદ્ધ નિરંજનં,
યોગમુદ્રા સમવસરણ મુદ્રા, પુરીપલ્યં કાસનં
સર્વ દીસે તેજ રૂપં; નમો સિદ્ધ નિરંજનં. ૪
જગત જનકે દાસ દાસી, તાસ આસ નિરાશનં,
ચંદરૂપે પરમાનંદ રૂપે, નમો સિદ્ધ નિરંજનં;
સ્વસમય સમકિત દ્રષ્ટિ જીનકી, સોયે યોગી અયોગકં,
દેખતામાં લીન હોવે, નમો શિદ્ધ નિરંજનં. ૫
તિર્થસિદ્ધા અતિર્થસિદ્ધા, ભેદ પંચ દિશાધિકં,
સર્વ કર્મ વિમુક્ત ચૈતન, નમો સિદ્ધ નિરંજનં;
ચંદ્ર સૂર્ય દીપમણિકી, જયોતી તે ન ઊલંઘીતં,
તે જયોતિથી અપરંગ જયોતિ, નમો સિદ્ધ નિરંજનં. ૬
એક માંહી અનેક રાજે, અનેક માંહી એકકં,
એક અનેક તણી ન સંખ્યા; નમો સિદ્ધ નિરંજનં;
અજર, અમર, અલખ, અનંત, નિરાકાર નિરંજનં,
પરિબ્રહ્મ જ્ઞાનઅનંત દર્શન, નમો સિદ્ધ નિરંજનં;
અતુલ્ય સુખની લ્હેરમાં પ્રભુ લીન રહે નિરંતરં,
ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન, નમો સિદ્ધ નિરંજનં;
ધ્યાન ધુપં મન પુષ્પં પંચ ઇંદ્રી હુતાસનં;
ક્ષમા જાપ-સંતોષ પુજા, પુજો દેવ નિરંજનં, ૮

## ગરબી.

લાલ કસુંબા નવ કીજીએરે.—એ રાગ
વંદુ પ્રથમ હું શ્રી વિતરાગનેરે;

જેના સમરણથી [1]અઘ જાય; હો લાલ૦
આદી રીષભ દેવ આરાધીએરે,
તેથી આ ભવ સીંધુ તરાય; હો લાલ૦
અજીતનાથ જપુ એકાંતમાંરે,
સંભવનાથ તથા સુખકાર; હો લાલ૦
[2]અભીવંદન કરૂં હું અભીનંદનેરે,
સુમતીનાથ મતી દો સાર; હો લાલ૦
પરમ પ્રીતે નમું પદ્મ પ્રભુજીનેરે,
સદા સમરૂં સુ પારશ્વનાથ; હો લાલ૦
ચંદ્રપ્રભુ રટુ નીશદીન ચીત્તમાંરે,
શુદ્ધ બુદ્ધી દો સુવીધીનાથ, હો લાલ૦
શીતળનાથથી શીતળતા થશેરે,
[3]શ્રેય કરે શ્રેયાંશ નાથ; હો લાલ૦
વંદુ વ્હાલથી વાસુપુજ્યનેરે,
વિમળ બુદ્ધીથી વિમળનાથ. હો લાલ૦
અનંત ભવ ટળે અનંત નાથથીરે,
ધર્મ કરો ભજી શ્રી ધર્મનાથ; હો લાલ૦
શાંતી કરે છે શાંતીનાથજીરે,
[*]કીલ્મીશ કાપે કુંથુનાથ; હો લાલ૦
આનંદ સમરૂ અરનાથનેરે,
મનના મેલ તજી મલ્લીનાથ; હો લાલ૦

---

૧ પાપ. ૨. નમસ્કાર. ૩ કલ્યાણ. * પાપ

મહા પુજા કરો સુમુનીવ્રતનીરે,
નિતનિત નમીએ નેમીનાથ;　　　હો લાલ૦
અરીષ્ટ નેમી પ્રભુ *વરીષ્ટ છેરે,
પ્રણમું એવા પારસનાથ;　　　હો લાલ૦
મહાવીર ભણતા મોટું ફળ મળેરે,
ગાય ભવાની હોંસે ગાથ;　　　હો લાલ૦

——o✻o——

## શ્લોક.

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणं
प्रधानंसर्वधर्माणं जैनंजयतिशाशनं,

ચોથા આરાના ૭૫ પંચોતેર વર્ષને સાડા આઠ માસ બાકી હતા ત્યારે દેવાનંદા નામની પવીત્ર બ્રાહ્મણીને પેટે ગર્ભ રહ્યો. તે ગર્ભને ૮૨ દીવસ થયા એટલે ૮૩ માં દીવસની રાત્રીએ "હરણગમેખી" દેવતાએ ક્ષત્રીયકુંડગ્રામનગરના રાજા સીદ્ધાર્થની સ્ત્રી ત્રીશળા રાણીના ઉદરમાં તે ગર્ભ મુકયો ઉપરનાસ ઘણા દીવસો ગણતાં બરાબર સવાનવ માસે એટલે ચૈત્ર શુદી ૧૩ ની રાત્રીએ માતા ત્રીશળાને પેટે કુંવર પ્રસવ્યો. રાણીત્રીશળાને પેટે ગર્ભ રહ્યા પછી તેમના ઘરમાં ધન ધાન્ય વીગેરેની વૃધ્ધી થવા માંડી તેથી તે કુંવરનું નામ વૃધમાન પાડયું. બીજું મ્હાવીર નામ પાડવાનુ કારણ પ્રસીદ્ધ છે કે વૃદ્ધમાન કુંવર બાળક્રીડા કરતા

---

* મોટા, વડા.

હતા એટલામાં તેમના બળની પરીક્ષા કરવા સારૂ એક બળવાન દેવતા આવ્યો, તે દેવતાને મહા મહેનતે રાજા ઇંદ્ર તેને છોડાવ્યો તે દીવસથી મહા બળવાન જાણીને તે કુંવરનું "મહાવીર" એવું નામ સ્થાપ્યું તેમનો જન્મ કાસ્યપગોત્રનાં ક્ષત્રિયાગ કુળમાં થયો હતો. મહાવીર સ્વામી ૩૦ વર્ષ ગ્રહસ્થાવાસમાં રહ્યા પછી સંસાર અસ્થીરને અસાર જાણીને રાજ્યગાદી તથા રાજ્યવૈભવનો ત્યાગ કરીને દીક્ષા ધારણ કરી તે વખતે સાધુઓએ શ્રમણ ભગવત્ એવું નામ આપ્યું.

કાળની ગતી ગહન છે, અને અમુલ્ય એવો જે મનુષ્યાવતાર અનાદિકાળે પુણ્યોદય થયાથી પ્રાપ્ત થાય છે, તેથી આત્મશુદ્ધિ કરીને જન્મ—મરણનો ભય મટાડવાને, તથા મુક્તિપદ પામવાને માસખમણ, ઉપવાસો તથા બીજા અનેક પ્રકારની દેહકષ્ટની તપસ્યાઓ કરીને શુભ ધ્યાન કરીને શ્રમણ ભગવત શ્રી મ્હાવિર સ્વામી મોક્ષ પદ પામ્યા, તેઓ સાડાબાર વર્ષને પંદર દિવસ સુધી "[1]છદ્મસ્થ" રહ્યા ને બાકીએ ગણત્રીસ વર્ષ કેવળ પ્રવર્જ્યપાળી અને ચોથા આરાના અંતને ત્રણ વર્ષને સાડાઆઠ માસ પહેલા પાવા શહેરમાં ૭૨ વર્ષની ઉમરે કાર્તિક વદ ૦))ની ચાર ઘટિકા રાત્રિ રહી ત્યારે શ્રમણ ભગવંત શ્રી મહાવિર સ્વામી નીર્વાણ થયા.

---

૧ છદ્મસ્થ એટલે કેવળ જ્ઞાન નહિ તે.

* શ્રમણ ભગવત્ શ્રી મ્હાવિર સ્વામીની સ્થિતિમાં એકવાર સક્રેંદ્ર ઈંદ્ર દેવનો રાજા વંદના કરીને મ્હાપ્રભુ પ્રત્યે કહેવા

ભગવંત શ્રી મોક્ષ ગયા પછી ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન ઉપજ્યું. એ વેળાએ નવ ગણના અગ્યાર ગણધર (શીસ્ય) હતા. તેઓ દ્વાદસાંગી ચૌદ પૂર્વના ધારણહાર હતા, પહેલાં ઇંદ્રભુતીનામે ગૌતમ હતા. તેઓએ ૫૦૦ શીસ્ય કર્યા હતા. બીજા અગનીભૂતી નામના ગૌતમને ૫૦૦ શીસ્ય હતા. ત્રીજા વાયુભુતી ગૌતમને પણ ૫૦૦ શીસ્ય હતા. ચોથા આર્યવક્ત નામના ગણધરને ૫૦૦ શીસ્ય હતા. પાંચમા સુધર્મા નામે ગણધરને પણ ૫૦૦ શીસ્ય હતા. છઠા પંડીત નામે ગણધરને ૩૫૦ શીસ્ય હતા. સાતમા મોર્ય પુત્ર નામે ગણધરને ૩૫૦ સીસ્ય હતા. આઠમા અકંપીત તથા નવમા અચળભ્રાતા એ બન્ને ગણધરને ત્રણસે ત્રણસે શીસ્યનો એકઠો સમુદાય હતો. દસમા મેતાર્ય તથા અગ્યારમા પ્રભાસ એ બન્ને ગણધરને પણ ત્રણસે ત્રણસે શીસ્યનો એ

---

લાગ્યો, "અહે! ભગવંત તમારા જન્મ નક્ષેત્રે ભસ્મગ્રહ ત્રીસમો બે હજાર વરસની સ્થિતિનો બેઠો છે, તેથી કરીને શું શું થશે?" ત્યારે શ્રી ભગવંત દેવ બોલ્યા, "હે શક્રેંદ્ર! ભસ્મગ્રહ બેશવાથી બે હજાર વર્ષ પછી જૈન માર્ગના સાધુ—સાધ્વીની ઉદય ઉદય પુજા—સત્કાર થશે."

તે સૂત્રનું વચન જોતાં તો મ્હાવિર પછી ૪૭૦ વર્ષે વિક્રમાદિતે નવો સંવત સ્થાપ્યો. તેને આજે ૧૯૪૨ વર્ષ થયાં છે એટલે ભગવત્ મૂક્ત થયા ને ૨૪૧૨ વર્ષ વએલાં ગણાય. એ વર્ષમાંથી ૨૦૦૦ બે હજાર વર્ષ ભસ્મગ્રહના કાઢતાં વિક્રમ સંવત્ ૧૫૩૧ માં શ્રી સિધ્ધાંતને અનુસરીને લોંકાગચ્છ નિકળયોને દયા માર્ગ પ્રવતાવ્યો.

કહો સમુદાય હતો. તેમાં પહેલા અને પાંચમા ગણધર સીવાયનાં સાત ગણધરો રાજગ્રહ નગરમાં મહીનાનું અણસણ કરીને નીર્વાણ થયા.

ત્યાર પછી થોડાંક વર્ષે બીજા બે ગણધરો નીર્વાણ થયા તેમાં ઇંદ્રભૂતી નામે ગૌતમ ગૌતમ ગોત્રના હતા. તેમના પીતાનુ નામ બ્રાહ્મણ વસુભુતી અને માતાનુ નામ પ્રથવી માતા કરીને હતું તે ૫૦ વર્ષ ગ્રહસ્થાશ્રમમાં રહ્યા. ૩૦ વર્ષ છદમસ્થ પણે રહીને બાર વર્ષ કેવળ પ્રવૃજ્યાપાળી, મહાવીર સ્વામીના નીર્વાણ પછી ૧૨ વર્ષે ૯૨ વર્ષની વયે રાજ્યગ્રહ નગરીમાં નીરવાણ પદ પામ્યા. પોતાના અને બીજા ગણધરોના શીષ્યો નીર્વાણ પદ પામતાં પહેલાં સુધર્મા સ્વામીને સોંપ્યા.

દશ ગણધરો શીસ્ય સંતાન રહીત થયા તેથી ફકત પાંચમો ગણધરજ રહ્યો. તેથી શીદ્ધાંત વાણીથી શીદ્ધ થાય છે કે વર્ત્તમાન કાળના પાંચમા આરાના અંત સુધી પણ સાધુજનો રહેશે આજ સુધી શીદ્ધાંત વાણી પરૂપે છે અને પ્રાચીન ધર્મ દયા માર્ગે ગ્રહણ કરીને જે સુદ્ધ જૈન મુની વીચરે છે તે સર્વ સુધર્મા સ્વામીના શીસ્ય છે.

પાંચમા ગણધર જે સુધર્મા સ્વામીને નામે પ્રશીદ્ધ છે તેઓ વૈશાયન ગોત્રમાં કોલક ગ્રામમાં જનમ્યા હતા. તેઓ ગ્રહસ્થાશ્રમમાં ૫૦ વર્ષ ને ૪૨ વર્ષ છદમસ્થ રહ્યા તથા ૮ વર્ષ કેવળ રહીને ૧૦૦ વરષની વયે વીર પછી ૨૦ મે વર્ષે નીર્વાણ થયા.

---

૩ અણસણ એટલે સંથારો.

**જંબુસ્વામી**-રાજગ્રહ નગરીના કાસ્યપ ગોત્રના શ્રેષ્ઠિ રિષભ દત્ત નેધારણીના દીકરા હતા તેઓ ૧૬ વર્ષ ગ્રહસ્થાશ્રમમાં રહ્યા ૨૦ વર્ષ છદમસ્થ અને ૪૪ વર્ષ કેવળી રહ્યા ને વીર પછી ૬૪ વર્ષે ૮૦ વરસની ઉમ્મરે નિર્વાણ થયા. એ છેલા કેવળી હતા ત્યાર પછી ૧૦ બોલ નિષેદ ગયા તેના નામ (૧) મન પર્યવ જ્ઞાન (૨) પર્મ અવધીજ્ઞાન (૩)પૂલાંગ લબધી (૪) આહારિક શરીર (૫) ઉપસંમશ્રેણી (૬) ક્ષપકશ્રેણી (૭) જીન કલ્પી સાધુ (૮) પરીહાર વિશુદ્ધ ચારિત્ર (૯) શુક્ષમ સંપરાય (૧૦) યથા ખ્યાત ચરિત્ર,

કેવળ જ્ઞાન ૬૪ વરસ રહ્યું ત્યાર પછી પાંચમા આરાના માનવીને મોક્ષનો માર્ગ બંધ થયો એ ત્રણુ જુગનકર બે નિકા જાણુવી.

**પ્રભવસ્વામી**-કાત્યાયન ગોત્રના હતા તે ૩૦ વર્ષ ગ્રહસ્થાશ્રમમાં ને ૪૪ વર્ષ સામાન્ય વ્રતમાં રહ્યા આચાર્ય તરીકે ૧૧ વર્ષ રહ્યા ને ૮૫ વર્ષની ઉમ્મરે વીર પછી ૭૫ વર્ષે નીર્વાણ થયા.

**સયંભવસ્વામી**-રાજગ્રહના અને વાત્સાયન ગોત્રના હતા તે ૨૮ વરસ ગ્રસ્થાવાસમાં રહ્યા ૧૧ વર્ષ વ્રતમાં ને ૨૩ વરસ આચાર્ય તરીકે રહ્યા. તેઓ ૬૨ વરસની વયે વીરના નિર્વાણ પછી ૯૮ વર્ષે સ્વર્ગે ગયા.

**યશોભદ્ર સ્વામી**-તુંગીયાયન ગોત્રના હતા તેઓ ૨૨ વરષ ગ્રહસ્થા વાસમાં રહ્યા ને ૧૪ વરષ વ્રતમાં અને ૫૦ વરષ આચાર્ય તરીકે રહ્યા ૮૬ વરષની ઉમરે વીરના નિર્વાણ પછી ૧૪૮ મે વરષે સ્વર્ગે ગયા. તેમને બે શીષ્ય હતા તેમાં ૧ નું નામ-સંભુતી વીજય ને ૨ જાનું નામ ભદ્રબાહુ.

**સંભુતી વિજય**—માઢર ગોત્રના હતા તેઓ ૪૨ વરસ ગ્રહસ્થાવાસમાં ને ૪૦ વરષ વ્રતમાં રહ્યા તથા ૮ વરસ યુગ પ્રધાન તરીકે રહીને ૯૦ વરસની વયે વીરના નીર્વાણ પછી ૧૫૬ મે વરષે સ્વર્ગે ગયા.

**ભદ્રબાહુ સ્વામી**—પ્રાચીન ગોત્રના હતા તેઓ ૪૫ વરસ ગ્રહસ્થાવાસમાં રહ્યા ૧૭ વરષ વ્રતમાં રહ્યા ને ૧૪ વરષ યુગ પ્રધાન તરીકે રહીને ૭૬ વરસની ઉમરે વીરના નીર્વાણ પછી ૧૭૦ મે વરશે સ્વર્ગે ગયા. તેઓ ચૌદ પુર્વ જાણનાર તરીકે છેલ્લા હતા. તેમના વખતમાં દુર ભક્ષ કાળ પડયો હતો તેમાં સાધ સાધુઓ અને શ્રાવકો પણ સંકટ પામ્યા હતા. તે દુકાળના સમયમાં પાટલીપુર શેહેરને વીશે શ્રાવકોનો સંઘ એકઠો થયો અને અધ્યન ઉદેશાદીક મેળવવા માંડયા પણ તેમાંના કેટલાક મળ્યા નહી તેથી તેઓએ મળીને વીચાર કર્યો તો જણાયું કે નેપાળ દેશમાં ભદ્રબાહુ નામે પુરવીક સાધુ છે તેપરથી તેમને બોલાવવા માટે બે સાધુઓને મોકલ્યા સાધુએ ત્યાં જઈને ભદ્રબાહુને બે હાથ જોડીને વંદના કરીને કહ્યું કે પાટલીપુર શેહેરમાં તમોને સંઘ બોલાવે છે ત્યારે પોતે ધ્યાન ધરીને કહ્યું કે બાર વરશે સાધ છે માટે હમણાં હું આવીશ નહીં. પણ સરવોતમ સમય થશે ત્યારે આવીને શુભ અશુભના અર્થ સહ વર્તમાન સર્વ પુરવ ગણના કરીશું.

**સ્થુલી ભદ્ર સ્વામી** ગૌતમ ગોત્રના પાટલીપુર નગરમાં જન્મા હતા તેઓ સંભુતી વીજયના શીષ્ય હતા તેમના પીતાનુ નામ શકડાળ હતું તેઓ ૩૦ વર્ષ ગ્રહસ્થા વાસમાં રહ્યા ૪૫ વર્ષ સુધી

તરીકે રહ્યા ને ૯૯ વરસની ઉમ્મરે વીરના નીર્વાણ પછી ૨૧૫ વરસે સ્વર્ગે ગયા તેમણે વેદ ાનો મત ફેરવ્યો હતો.

**મહાગિરિ સ્વામી** લાપત્ય ગોત્રના હતા. તેઓ ૩૦ વર્ષ ગ્રહસ્થા શ્રમમાં ને ૪૦ વર્ષ સુધી વ્રતમાં રહ્યા, ૩૦ વર્ષ સુધી સુરી તરીકે રહ્યા ને ૧૦૦ વર્ષની વયે, વીરના નીર્વાણ પછી ૨૪૫ મેં વર્ષે સ્વર્ગે ગયા.

**સુહસ્તિ સ્વામી**—વાશીષ્ટ ગોત્રના હતા. તેઓ ૩૦ વરષ ગ્રહસ્થાશ્રમમાં રહ્યા. ૨૪ વરષ વ્રતમાં રહ્યા ને ૪૬ વરષ સુરી તરીક રહીને ૧૦૦ વરષની વયે, વીરના નીરવાણ પછી ૨૬૫ મે અથવા ૨૬૯ મે વરસે સ્વર્ગે ગયા તેમણે સંપ્રતી રાજાને તથા અંવતી સુખમાલ અને બીજા ઘણાઓને જૈનધર્મમાં આણ્યા.

**સુપ્રતિબુધ સ્વામી**—તે વ્યાઘ્રાપત્ય ગોત્રના હતા ૩૧ વરષ ગ્રહસ્થા શ્રમમાં રહ્યા. ૧૭ વર્ષ વ્રતમાં રહ્યા ને ૪૮ વર્ષ સુરી તરીકે રહીને ૯૬ વરષની ઉમ્મરે, વીરના નીરવાણ પછી ૩૧૩ મે વરસે સ્વર્ગે ગયા. તેમણે કાકંદીક નગરીમાં ક્રોડવાર સુરીના મંત્રનો જાપ કર્યો તેથી કોટીક કાકંડી કહેવાણા.

**ઇંદ્રદીન**—તે કાશીક ગોત્રના હતા.

**આર્યદીન**—તે ગૌતમ ગોત્રના હતા.

**વયર સ્વામી**—ગૌતમ ગોત્રના હતા. તેઓ ધનગીરી તથા સુનંદા માતાના પેટે, તુંબવન ગામમાં વીરના નીરવાણ પછી ૪૯૬ મે વરસે જનમ્યા હતા, અને તે ૮૮ વરષની ઉમ્મરે વીરના નીરવાણ પછી ૫૮૪ મે વરસે સ્વર્ગે ગયા. તેમણે બોધ રાજાઓના રાજયમાં દક્ષીણ તરફ જૈનધર્મનો ફેલાવો કર્યો હતો.

**વજ્રસેન સ્વામી**—ઊટ કાશીશ ગોત્રના હતા, અને તે વીરના નીર્વાણ પછી ૬૨૦ વરષે સ્વર્ગે ગયા તેઓએ શ્રેષ્ટી જીનદત અને ઇસ્વરીના ચાર દીકરા નામે ચંદ્ર, નાગેંદ્ર, નીરવૃતી અને વીદ્યાધરને શીસ્ય કર્યા હતા, તે ચારે જણાએ પોત પોતાના નામના ચાર ગચ્છની સ્થાપના કરી હતી ને તેમાંથી ૮૪ ગચ્છની ઉત્પતી થઈ હતી તે એવી રીતે કે—

વજ્રસેન સ્વામી, પૃથ્વીને વીસે ફરતા હતા તે વખતમાં દુસ્કાળ પડયો, તે બાર વરસનો અથવા તો ઉપરા ઉપરી પાંચ અને સાત વરસનો કાળ પડયો હોય એમ જણાય છે આવા દુસ્કાળથી અન્ન રહીત એવી જે પૃથ્વી તે ઉપર વસતા લોકો આકુળ વ્યાકુળ થયા. જેમ પાણી વગર માંછલાં ટળવળે તેમ અન્ન પાણી વગર નાનાં—મોટાં મનુષ્યો ટળવળવા લાગ્યા. એ વખતે ઘણા સાધ—સાધવીઓ હતાં તેમને સુઝતો અહાર પાંમવાના સાંસા પડયા. તેથી જે સાધુઓ ક્રીયાપાત્ર હતા, તેમાંથી ૭૮૪ સંથારો કરીને સવર્ગે ગયા, કેટલાક સાધુઓ મોકલહારી એટલે ક્રીયાભ્રસ્ટ થયા. તે છતાં અન્ન મળવા ન લાગ્યું. કોઈ ઠેકાણે વહોરવા જાય તો અન્નથી ટળવળનાં એવાં ભીખારી જનો જોળીને વળગી પડે અને વ્હોરેલુ ધાન લુટી જાય એવા લોકોથી બચવાને માટે સાધુઓએ લાકડીઓ અથવા ડંડા રાખવા માંડયા કટલાક સાધુઓએ નવી યુક્તી કરી પોતે સાધુ નથી એમ શંકા લોકોને બતાવવાને માટે આર વોરવા જતી વેળાએ માથે પછેડી ઓઢવા લાગ્યા એવી રીતે તેઓ આધાકર્મી અહારના લેણહાર

લીંગધારી વેષે થયા, તે છતાં પેટપુર આરના સાંસા પડવા લાગ્યા લોકોના સંકટનો પાર ન રહ્યો ગરીબ અને શ્રીમંતને સરખી વેળા પડવા માંડી. પૈસા ખરચતાં પણ અન્ન ન મળે તેવા સમયમાં જીતશત્રુ રાજાની રાજ્ય નગરીમાં જીનદત્ત શ્રાવક વસતો હતો તેની ગાંઠે ઘણું દ્રવ્ય હતુ. તેની સ્ત્રીનુ નામ ઇશ્વરી નામે હતુ અને તે શીયળે કરીને શોભાયમાન હતી. તેના ઘરમાં દીકરા દીકરીનો પરીવાર બહુ હતો. દુકાળને લીધે તેના ઘરમાં અન્નનો ટોટો પડ્યો. અને કુટુંબી જન બહુ પીડા પામવા લાગ્યાં ત્યારે ધર્મયુક્ત એવી જે શ્રાવીકા તે પોતાના બંધુ જનને કહેવા લાગી કે "જ્યાં સુધી આપણે જીવીએ ત્યાં સુધી સુખ છે, પણ અન્ન વગર જીવવુ તેમાં સું સુખ? માટે નવકાર મંત્ર, સ્મરણ કરી અણસણ વ્રત આદરીને" આ દુઃખના ભંડાર રૂપી દેહનો વીખ ખાઈને નાશ કરીએ" એવુ સાંભળીને સર્વ બંધુજનોએ કહ્યુ કે આ દુષ્ટ કાળ જોતાં નાશ પામવુ એ બહુ યોગ્ય છે.—

પણ જ્યાં સુધી લાખ દ્રવ્ય ખરચતાં અન્ન મળે ત્યાં સુધી તો આ દેહ ટકાવી રાખવો, આવો વીચાર કરીને અન્ન શોધવા માટે બહુ પરીશ્રમ કીધો, પણ પુરતુ અન્ન ન મળયુ અને મહા મહા કષ્ટે કરીને લાખ રૂપીઆ ખરચીને સવાશેર અન્ન મેળવી શકયા. આટલા અનાજ ઉપર ઘણા દહાડા કેમ લેવાય? તેથી સઘળા કુટુંબી જને જીવવાની આશા પડી મુકીને સવાશેર અનાજની રાબડી ઉકાળી તે સાથે જેર પીવાનો વીચાર કર્યો એ શેહેરમાં તે વખતે વજ્રસેન સ્વામી હતા, તેઓ પેલા શ્રાવકનુ કરૂણાજ

નક વૃત્તાંત સાંભળીને ત્વરીત તેને ઘેર આવ્યા, તેમને જોઇને શ્રાવક તથા શ્રાવીકા અત્યંતરાજી થયાં; અને ચીત, વીત પાત્ર એ ત્રણે પરીપુર્ણ થયાં, એવું જાણીને પેલા લાખ રૂપીઆની સવાશેર અન્નની રાબડી ઉકાળી હતી તે પુર્ણ ભાવથી મુનીશ્રીને અર્પણ કરી. ત્યારે મુનીશ્રી બોલ્યા કે તમે સહકુટંબ ઉદાશીમાં કેમ બેઠાછો ! અને આ વાડકામાં શું ઘોળેલું છે, તે કહો? તેના જવાબ માં શ્રાવીકા બોલી, "હે! મુનીરાજ ! હવે અમારાથી અન્ન વગર રહેવાતું નથી. અને દુકાળનું સંકટ સહ્યું જાતું નથી.લક્ષ દ્રવ્ય ખરચતાં પણ સવાશેર અન્ન મહા મહેનતે મળતું નથી, માટે હવે જીવતાં કરતાં મરવું સારૂં. એવું ધારીને વીશપાન કરવાની તૈયારી કરી છે" મુનીશ્વર શ્રાવીકાના કરૂણા ભરેલા શબ્દ સાંભળીને બોલ્યા "શ્રાવકજી! તમે આ વેળાએ મરવાને માટે સાવધાન થયાછો, પણ જો સુકાળ થાય તો તમારા આ દીકરાઓને દીક્ષા આપશો!" શ્રાવકે તરત હા પાડી તેથી મુનીરાજે કહ્યું કે આવતી પ્રાતઃકાળથી સુકાળની શરૂઆત થશે. ત્યારે ઇશ્વરી નામની શ્રાવીકા બોલી હે! મહા મુનીરાજ! તમે તમારી ઇચ્છાથી આ વચન બોલોછો કે કોઇના કહેવાથી." વજ્રસેન સ્વામીએ જવાબ દીધો કે મારા ગુરૂશ્રીએ કહ્યું હતું કે જ્યારે તમે લક્ષ દ્રવ્યનો પાક જમશો તે પ્રાતઃકાળથી સુકાળ થશે. એમ કહીને મુનીશ્વર ગયા.

પ્રાતઃકાળ થયો અને અનાજના વહાણો આવવાં લાગ્યાં, ને સુકાળ વર્તાણો. તેથી જીનદત્ત શેઠે પોતાના ચાર દીકરાઓને દીક્ષા અપાવી ને વજ્રસેન સ્વામીના શીષ્ય કર્યા. તેઓ થોડી મુદ-

તમાં શાસ્ત્રને વીષે કુશળ થયા એટલે મુનીરાજે કહ્યું, તમે ચારે જણાઓ સાધુજીના આચાર વીચારથી ને શુદ્ધ ક્રીયાથી વરતા; પણ આ વીચાર તેમને ના પસંદ પડયાથી એ ચારે જણાએ ચાર નામના ચાર ગચ્છ કાઢયા.

१६ आर्यरोहस्वामी १७ पुशगीरिस्वामी १८ फल्गुमित्रस्वामी १९ धरणगिरीस्वामी २० शीवभूतीस्वामी २१ आर्यभद्र स्वामी २२ आर्यनक्षत्रस्वामी २३ आर्यरक्षितस्वामी २४ नाग स्वामी २५ जेहिलविष्णुस्वामी २६ शढीलअणगार २७ देव र्धिखमाश्रमण

એ પ્રમાણે ઉપરના સતાવીસ આચાર્યમા દેવર્દ્ધિ ખમા શ્રમણ થયા. તેમણે શ્રી વીરના નીર્વાણ પછી ૯૮૦ મેં વર્ષે શ્રી વલ્લભીપુરમાં સીદ્ધાંત — સુત્ર — ધર્મ શાસ્ત્ર લખ્યાં. ત્યાં સુધી પુર્વનું જ્ઞાન રહ્યું હતું, કેમકે ભગવતીસુત્ર મધ્યે સતક ૨૦ મેં ઉદેસે ૮ મેં શ્રી મહાવીર ભગવાંનને શ્રી ગૌતમસ્વામીએ પુછયું કે અહો! ભગવત! તમારા નીર્વાણ પછી કેટલાં વર્ષ ધર્મ માર્ગ ચાલશે? અને પુર્વનું જ્ઞાન કયાં સુધી રહેશે? ત્યારે ભગવત શ્રી બોલ્યા, "હે! ગૌતમ મારૂં તીર્થ ૨૧૦૦૦ એકવીસ હજાર વરશ સુધી ચાલશે, ને પુર્વનું જ્ઞાન ૧ હજાર વરશ સુધી રહેશે. તેથી ખાત્રી થાય છે, કે પુર્વનું જ્ઞાન એક હજાર વરશ સુધી રહ્યું હશે. એ સીદ્ધાંત—સુત્ર લખવાનું શા ઉપરથી સુઝયું તેની હકીકત પ્રસીદ્ધ છે કે "દેવરઢીખમાશ્રમણ આચાર્ય એક પ્રસંગે સુંઠના ગાંઠીએ લ્હોચી લાવ્યા હતા. તે કામમાં વાપરવાનું વીસરી

ગયા, પરંતુકાળ અતિક્રમી ગયા પછી સ્ફુર્ણ થઇ આવ્યું તેથી એ મહાન પુરૂષે વિચાર કર્યો કે, હવે મનુષ્યોની બુદ્ધી હીણી થઇ તેથી મુખથકી સીદ્ધાંત સુત્રવાણી વીસરગત થશે. એટલે વખત જતાં માણસોનું સ્મર્ણ ઓછું થશે, એવો આ પાંચમો આરો છે. એવા વીષમ કાળમાં સાધુઓને સંજમ પાળવો દુર્લભ થઇ પડશે, તથા આચારાંગનો ૭ મો અધ્યન ( મહાપરીજ્ઞા ) પણ કાળના મહાત્મે કરીને વિછેદ ગયો! એમ જાણીને સુત્ર-સીદ્ધાંત પુસ્તકે લખ્યાં.

# ૭ निनव.

શ્રી મહાવીર સ્વામીની હૈયાતીમાં જમાલીએ જુદી પરૂપણા કરવા માંડી હતી, તેથી તે પહેલો નીનવ થયો.

શ્રી મહાવીર પછી ૧૬ વર્ષે **प्रादेसिक.** ( તીસગુપ્તે ) બીજો નિનવ થયો.

શ્રી વિર પછી ૨૧૪ વર્ષે **अव्यक्तवादि.** ત્રીજો નિનવ થયો.

શ્રી વીર પછી ૨૨૦ મેં વરષે ચોથો નીનવ સુન્યવાદી* થયો

શ્રી વીર પછી ૨૨૮ વરષે દો ક્રીયાવાદી પાંચમો નિનવ થયો. તે એક વખતે દો ક્રીયા માને તે એવી રીતે કે ગંગા નદીમાં વેગુ ઠંડી દેખાય છે, અને આકાશે સુર્ય તપે છે માટે એક સમે બે પરીષા ઉપજ્યા. શીત અને તાપ પણ ભગવંત તો એમ કહે છે કે એકજ સમયે બે ત્રીયાનવેદ.

---

* સુન્યવાદી ધર્મ—પાપ, નર્ક અને સ્વર્ગ માનતો નહોતો.

(૬) શ્રી વીર પછી ૫૫૪ વરષે રોહગુપ્તાત્રૈરાસીક નામનો ૭ મો નીનવ થયો.

(૭) શ્રી વીર પછી ૫૮૫ મેં વરશે ગોષ્ટામાહિલ નામનો સહસ્રમલ નિનવ થયો. એ પ્રમાણે સાત મોટા નિનવ થયા.

# कालकाचार्य.

શ્રી વીર પછી ૩૩૫ મેં વરશે પહેલા કાળકાચાર્ય થયા ને બીજા કાલકાચાર્ય વીર પછી ૪૫૨ વરષે થયા. છેલ્લા કાલકાચાર્ય પોતાની ભગીની સરસ્વતીના વારણ હાર થયા. તે એવી રીતે કે સરસ્વતી બ્હેન બહુ રૂપવાન હતી તેને ગર્દભસેન નામનો રાજા મોહ પામીને હરી ગયો. તેના હાથમાંથી પોતાની બ્હેનને છોડાવવાની મહા મહા મહેનત કરી, પણ કાળકાચાર્યનું કાંઈ વળ્યું નહી. તેથી તેમણે સાત વરષમાં સાત મ્હાન રાજાઓને ધર્મબોધ આપીને જૈનમતમાં આણ્યા અને રાજાઓને સાથે લઈને શ્રી કાળકાચાર્યે ગર્દભસેન રાજા સાથે સંગ્રામ કરયો, અને પોતાની બ્હેનને પાછી લાવીને તેનું શીયળ વ્રત સચવાવ્યું.

---

જ્યારે કાળકાચાર્યને સંગ્રામે જવુ પડયું તે દિવસે ચોથ હતી, પણ પાંચમની માફક ચોથ પડકમીને પોતે સંગ્રામે ચડયા હતા. તેઓ હમેશાંની માફક આવતે વરષે પાંચમ પડીકમત પણ તે દરમ્યાનમાં તેમનો કાળ થવાથી પછી તેમનાં શીષ્યોએ ચોથ પડીકમવાની શરૂ રાખી, પણ સુત્રના આધારે જોતાં, ચોમાસાના આગલા ૪૯-૫૦ દીવસે અને પાછલા ૬૯-૭૦ દીવશે ભાદરવા શુદી ૫ દને સંવત્સરી આવે છે, વળી ખટ દર્શનવાળાઓ પણ પાંચમને માને છે.

શ્રી વીર પછી ૪૭૦ મે વરશે પરદુઃખ ભંજન વીક્રમ રાજાએ પોતાનો સંવત કાઢયો તે જૈનધરમી હતો ને પરદુઃખ ભંજન કહેવાણો તેણે વર્ણાવર્ણ બાંધ્યા. વર્ણાવર્ણ બાંધવાનું કારણ એ કહેવાય છે કે તેના રાજ્ય નગરમાં બે શેઠીયા ઘણા શ્રીમંત હતા તેથી તેઓએ માંહોમાંહે દીકરા દીકરીનું વેવીશાળ કર્યું. થોડા દીવસ માં દીકરાનો બાપ ધનહીણ થયો. એ વખતે નીરધન લોકો ઉજ ણ નગરી બહાર વસ્તા હતા તેથી તે પણ કોટ બહાર જઈને વસ્યો. આણી તરફ દીકરીના બાપે વીચાર કરયો કે મારી દીકરી મારા નીરધન ભાઈબંધના દીકરા વેરે પરણાવીશતો દીકરી દુઃખી થશે; અને નહીં પરણાવું તો તે રાજા પાસે રાવે જશે ને રાજા વીક્રમપરદુઃખ ભંજન છે, એટલે મને બીજે ઠેકાણે પરણાવવાદેશે નહી માટે રાજા વિક્રમ વેરેજ એ કન્યા પરણાવી દઉ તો શાધ ળી પીડા પતે એમ ધારીને વીક્રમ સાથે પોતાની દીકરી પરણાવ વાનો મનસુબો કરીને નકકી ઠરાવ કર્યો થોડા દીવસમાં લગન દી વસ મુકરર થયો અને રાજાવીર પરણવાને માટે જાન જોડાને ની કળયા તેથી ઉજ્જેણ નગરીમાં ધવળ-મંગળ ગવાઈ રહયાં.

વિક્રમ રાજાની વેરે પોતાના દીકરાની વહુ પરણાવે છે, એ વું જાણીને દીકરાની માવડીએ કલ્પાંત કરવા માંડયું. તે કલ્પા ત સાંભળી વીક્રમને બહુ શોક થયો, અને પોતાના વડા પ્રધાનને મોકલીને કલ્પાંત કરવાનુ કારણ જાણવા માગ્યું પ્રધાને પેલી બાઈ પાશે આવીને રૂદન કરવાનું કારણ પુછી જોયુ પણ તેણી એ કસો પ્રત્યુતર ન દેતાં વધારે આક્રંદ કરવા માડયુ, તેથી પ્ર ધાન ખુલાશો લીધા વગર વિક્રમ પાસે ગયો, અને સર્વે વર તાંત કહી સંભળાવ્યુ તેથી રાજા પોતે ગયો ને કહ્યુ બાઈ! તું,

શા માટે રડે છે? તારે શું શંકટ છે જે હોય તે મને કહે" હું રાજા વિર વિક્રમ છું તારૂ સર્વ સંકટ હું ટાળીશ એ મારૂ વચન છે એવા આશા ભરેલા શબ્દ સાંભળીને તે બોલી હે પ્રતીપાળ પરદુઃખ ભંજન રાજા! તમે જે કન્યાને પરણવાને જાઓ છો તે કન્યાનું સગપણ મારા દીકરા સાથે પ્રથમ કરેલુંછે તે કન્યા વેરે તમે વરવાને માટે જાઓછો તે માટે હું રડું છું એવું સાંભળીને વીર વીક્રમ બોલ્યો, હે બાઇ! તું કશી ફીકર નકર. એ કન્યા તારા દીકરા વેરેજ હમણાંને હમણાં પરણાવું છું તું જો એમ કહીને તે છોકરાને તથા તે છોકરીને પોતાની સનમુખ બોલાવીને તેજ વેળાએ પોતાની સમક્ષ મંગળ ફેરા ફેરવાવી દીધા અને ધન દોલત આપીને તે છોકરાને સુખી કર્યો એ વખતથી રાજા વિક્રમે વિચાર કરયો કે હું જૈન ધર્મી રાજા છું અને વાજબી ઇનસાફ કરૂં છું પણ હવે પછી કનિસ્ટ કાળ આવશે તેથી લોકોને વાજબી ઇનસાફ નહિ મળે અને તેથી પ્રજા દુઃખી થશે. એમ જાણીને તેણે વર્ણ વર્ણ કીધાં અને પોત પોતાની નાત—જાત માંથીજ કન્યાઓ લેવા દેવાનો નીયમ કર્યો તે નીયમ આજ સુધી જેમનો તેમ પળાતો આવે છે.

———o✻o———

## દીગંબર પંથ.

શ્રી મહાવિરના નિર્વાણ પછી ૬૦૯ મેં વર્ષે દીગંબર મતની સ્થાપના થઇ, એ મતની સ્થાપના સ્થાપનારનું કારણ આ પ્રમાણે છે

એક ક્ષુદ્રક નામનો સાધુ હતો, જેને જૈનાચાર્યે એક મુલ્ય

વાને વસ્ત્ર દીધું, જે વસ્ત્રનો ઊપયોગ ન કરતાં પલેવવાનું પણ પડ્યું મુકીને મહાજનને કરીને બાંધી મુક્યુ. તે કારણથી ગુરૂજીએ અજતના જાણીને તે વસ્ત્ર સાધુઓને મહોપતી કરવાને દીધુ, તેથી બુટક સાધુને બહુ રીશ ચઢી અને ક્રોધાવેશે કરીને જૈન ધર્મનો ઘણો દ્વેશ કર્યો તે દીવસથી પોતાના પંડ ઉપરથી સર્વે વસ્ત્ર અળગાં કરીને નગન ફરવા લાગ્યો ને જૈન સાધુઓની નિંદા કરવા લાગ્યો, તથા મન કલ્પનાએ મુળ શાસ્ત્ર ફેરવીને પોતાના મતને અનુસરતા આવે એવાં પર) નવાં સાસ્ત્ર ઉભાં કીધાં તે દીવશથી પોતાનો નવો દીગંબરી મત સ્થાપ્યો, સુત્રર્થ ઉધાં પરૂપ્યા એવી રીતે દ્વેશ કરીને સુત્રમાં ઘણી ઉથલપાથલ કરીને પોતાનો નવો મત પ્રકટ કર્યો. તેણે વધારે એવા વીચાર પ્રવરતાવ્યા કે સ્ત્રીઓને તો મોક્ષ હોયજ નહી.—

શ્રી વિર પછી ૮૮૨ મે વરષે ચૈત્યવાસી થયા. તેમણે ધર્મને બ્હાને દેરાં કરાવ્યાં અને ભગવંતને નામે પ્રતિમાસ્થાપી. પણ ભગવતેતો શ્રી "આચારંગ" સુત્રની અંદર "હિંસા કરે તેને અહેત, મિથ્યાત ને અબોહી એવાં ત્રણ પાપ થાય છે." એવું કહ્યું છે. શ્રી વિર પછી ૧૦૦૮ વરષે પુર્વજ્ઞાન સર્વે વિછેદ ગયું. તેથી ઠેકાણે ઠેકાણે પોશાળો મંડાણી.

શ્રી વિર પછી ૧૪૬૪ વર્સે વડગચ્છ થયો.

શ્રી વિરના નિર્વાણ પછી ૧૬૫૪મે વર્શે આંચળીઓ ગચ્છથયો.

શ્રી વિર પછી ૧૬૭૦ વરષે ખરતર ગચ્છ નિકળ્યો ખરતર ગચ્છનો પેહેલો સુરી વધમાન હતો. પ્રથમતો તે ચૈત્યવાસી

જૈનચંદ્રનો શિષ્ય થયો; અને પછી તે ઉદ્યોતન પાસે ગયો. તેણે સોમ બ્રાહ્મણીની દીકરી કલ્યાણવંતિ અને તેના બે દીકરા સિવેશ્વર તથા બુદ્ધિસાગરને દિક્ષા દઈને જૈનધર્મમાં આણ્યાં તેમાંથી સિવેશ્વરે, જીનેશ્વર એવું નામ ધારણ કર્યું.

શ્રીજીનેશ્વરસુરી, તેમના ભાઇ બુદ્ધિસાગરજી અને તેઓના શિષ્ય, જીનચંદ્રસુરી તથા અભયદેવ કે જેમણે નવ અંગની ટિકા કરી છે. તેઓ સઘળા વિક્રમ સંવત ૧૦૮૦ ની સાલમાં અણહિલપુરના રાજા દુર્લભસેનની રાજ્ય સભામાં ચૈત્યવાસી જૈન સાધુઓની સભા થઇ હતી, તેમાં વાદ વિવાદ કરવાને માટે ગયા હતા. ત્યાં ચૈત્યવાસી સાધુઓના મતનું ખંડન કરીને "ખરતર" એવું બિરદ મેળવ્યું.

એવા ધર્મધુરંધર ખરતર ગચ્છને વિષે શ્રી જીનચંદ્રસુરી થયા. તેમણે સિદ્ધાંત વાણી ગ્રહણ કરીને દયા ધર્મ પરૂપ્યો, કેમકે ખરતરનો અર્થ ખરો ધર્મ થાય છે. એવો સત્યધર્મ સંવત ૧૭૬૭ સુધી ચાલ્યો. શ્રી તિર્થંકરે સુત્રની અંદર જૈનધર્મનો ઉપદેશ કર્યોછે. તે વિચારને અનુસરીને ખરતર ગચ્છના આચાર્ય શ્રી જીનચંદ્રસુરી, સંઘપટો એવા નામનો ગ્રંથ કરીને પ્રવર્તાવ્યો છે. વખત વિતતાં ખરતર ગચ્છના સાધુઓ આચારે વિચારે મોળા પડયા, ને કેટલાકોએ પોત પોતાના મતને અનુસરતો ફેરફાર કર્યો અને તેથી એ પંથમાંથી દસ શાખાઓ નિકળી.

શ્રીવિર પછી ૧૭૨૦ મેં વરષે આગમીઓગચ્છ નિકળ્યો શ્રી વિર પછી ૧૭૫૫ વરષે તપાગચ્છ થયો. તે ચિત્રવાલ

ગચ્છના જગચંદ્ર સુરીથી નીકળ્યો. એ તપા ગચ્છમાંથી બીજા તેર ગચ્છ પેદા થયા.

આગળ ઉપર લખેલા સતાવીસ મહાત્મા પુરૂશોના નામ લંકોશાની પટાવળીમાંથી અમે ઉતારીને પ્રકટ કીધાં છે. લંકોશાએ જેશલમેરના ભંડારમાંથી નંદિ સુત્ર વિગરે પુસ્તકોના આધારે લખેલી પટાવળીની સાથે ખરતર ગચ્છની તથા તપાગચ્છની પટાવળી મેળવી જોતાં વજ્રસેન સુધી નામ મળતાં આવે છે, પણ વજ્રસેન પછીના કેટલાક નામ તપા ગચ્છની તથા ખરતર ગચ્છની પટાવળી સાથે મળતાં આવતાં નથી. દરેક પટાવળીની સાથે ફક્ત નામનોજ તફાવત પડે છે. તે ઉપરથી અનુંમાન થાય છે કે પોત પોતાના ગચ્છના આચાર વિચારને મળતાં આવે એવાં નામ પોતાની પટાવળીમાં દાખલ કરેલાં છે એવાં નામો ઉપર વિસ્વાસ રાખી શકાતો નથી ને તેને લીધેજ મહાવિર સ્વામીનો શુદ્ધ કેડો સોધી કાઢવો એ મુસ્કેલ થઇ પડયું છે.

મહાવિરસ્વામિના જન્મ નક્ષેત્રે ભસ્મ ગ્રહ પડવાથી બાર વરષનો દુકાળ પડયો; સાત મોટા નિનવ થયા; સુરીના ચોરાસી મત ચાલ્યા. હુડાવસાર્પિણીને જોગે, પાંચમો આરો દુશમ શમય અસંજતિ પુજાતું અછેરૂં દસમું તેને જોગે, અને વાકાનેજડ એ પાંચજોગે કરીને ભવ્ય જીવના ભાવ હીણા પડયા. ઓગણત્રીસમો ગ્રહ વ્યાપ્યો તેથી પાંચે આશ્રવ માંડી હિંસા માર્ગ દખાડયો. ઉન માર્ગપ્રકટયો. સૌ શુદ્ધધર્મ શાખા ઢંકાણીને ઉપરાંટા માર્ગ ચલ્યા.

શ્રીજીનેંદ્રની વાણી જે કેવળ દયામય છે એવો સત્ય જઇન

માર્ગ ડોળાઇને કેવળી અદ્રષ્ટ થયો. પ્રકર્ણની રૂચી ગંડાળી. અનંત ચોવીસીની વાણી-માર્ગ હણાયો ને મતામતને લીધે લોકો ઘણા દુઃખી થયા.

જઇનવલ્લભ ખરતરે પોતાના રચેલા શાંઘપટા નામના ગ્રંથમાં ભસ્મ ગ્રહના ભાવ કહયા છે. તેમ પાયચંદ સુરી ટબાના કરનારે પણ હુંડાવસર્પિણી, દસમો અછેરો અને ભસ્મ ગ્રહ માન્યો છે. તે ભસ્મ ગ્રહ ઉતર્યા પછી શ્રીદયા માર્ગ દીપતો થયો.

---

સંવત ૧૫૩૧ માં ગુર્જર દેશને વિષે અમદાવાદમાં ઓશવાળ વંશી લંકોશાહ વસતો હતો. તે નાણાંવટીનો વેપાર કરતો હતો. એક દિવસ એક જુવાન તેમની પાસે આવ્યો તેણે મહમૂદી નામના સિક્કાના દોકડા લીધા. તેણે તે દોકડાની ચીડીમાર પાસેથી ચીડીયું વેચાતી લીધી ને હણવાને માટે ઘેર લઇ ચાલ્યો. તે પરથી લંકોશાહને એવા અધર્મથી ભરેલા વ્યાપાર ઉપર વૈરાગ્ય ઉપજ્યો તરતજ સંવેગ ભાવ આણી નાણાંવટીનો ધંધો કરવાની પ્રતિજ્ઞા કરીને તે દિવસથી સિદ્ધાંત લખવાનો ઉદ્યોગ આદર્યો.

બીજી પટાવળીઓ જોતાં બીજી મતલબ લખે છે. કહેછે કે લંકોશા અમદવાદની અંદર મહા મગનાળા શાહુકાર હતા અને તેઓ દફતરીનું કામ કરતા હતા તેથી તેઓ અક્ષર લિપિમાં ઘણા કાબેલ હતા, અને જ્ઞાન શક્તિ વખાણવા જોગ હતી તેઓ જાતના શ્રાવક હતા, અને ધર્મ ઉપર પુરણ ભાવ

હતો. એક વાર તેઓ લીંગ ધારી સાધુઓ પાસે અપાસરે આવ્યા. તેમને જોઇને જતિઓએ કહ્યું કે શાહુજી! ભંડારમાંથી પુસ્તકો કહાડ્યા છે તે બહુ જીણ થઇ ગયાં છે, માટે શુદ્ધ લખી આપે તો ધર્મનું કારણ છે. લંકોશાએ લખી આપવાની હા પાડી ત્યારે જતિએ દશવીક કાળીક નામનું નાનું શૂત્ર કહાડી દીધુ. તે લંકોશાએ લખવાની શરૂઆત કરી તે લખતાં.—

धम्मोमंगलमुकिठुअहिंसासंजमोतवो ॥
देवाविितंनमंस्संतिजस्सधम्मेसयामणो ॥ १

અર્થઃ— ધર્મ મંગળીક છે, ઉત્કૃષ્ટ છે, ધર્મના લક્ષણ શું? જીવની હિંસા નહીં. ૧૭ ભેદે સંજમ પાળવો, ૧૨ ભેદે તપ કરવો. એવા ત્રણ પ્રકારના ધણીને ચાર જાતના દેવતા અપીં શબ્દે ચાર જાતના મનુષ્ય તે પુરૂષને નમસ્કાર કરેછે. જેનું ધર્મને વિષે શદાય મન છે તેહને.

એવું પદ આવવાથી તેમને વિચાર થયો કે આ તિર્થંકરનો સત્ય ધર્મ તો દશવીક કાળીક શૂત્રમાંજ દીસેછે ને! લીંગ ધારી સાધુઓ તો મોકળા પડ્યા છે, ને દયા ધર્મનો માર્ગ ઢાંકીને હિંસા ધર્મ નિરૂપણ કરે છે. તેઓ સિદ્ધાંત લખવા પણ આપે એવા નથી એવું જાણીને લંકોશાએ દરેક સુત્ર સિદ્ધાંતની બેવડી પ્રતો ઉતારવા માંડી, ને એક એક પ્રત પોતા પાસે રાખીને બીજી નકલો જતિને પાછી દીધી. એવી રીતે દરેક સુત્રના ગ્રંથો લંકોશા પાસે થયા. તે વાંચી તેમણે અવકાશની વખતે પોતાને ઘેર સિદ્ધાંત સુત્રની પ

રૂપણા કરવા માંડી તે સાંભળવાને માટે ઘણા ભવ્યજી
વો આવવા લાગ્યા. અને ઘણા લોકોને દયા ધર્મ રૂચવા માં
ડયો, એવા સમામાં નાગજી, મોતીચંદજી, દલીચંદજી, શંભુ
જી, આદી, માઇ, બાઇ, છોકરાં સંતાન વિગેરે ઘોડા, ગાડીને
ઊંટ આદી વાહનો લઇને જાત્રાએ જવા નીકળ્યા, પણ રસ્તા
માં બહુ વરસાદ વરશાતાને લીધે તેમણે આ શહેરમાં પડાવ કી
ધો ત્યાં આગળ લંકોશાના વખાણ શાંભળવાથી સંઘના સઘ
ળા લોકો લંકોશાના મ્હોડાની શુત્ર વાણી સાંભળવાને ગયા તે
મને લકોશાએ ઊપદેશ દેવા માંડયો, કે શ્રાવકનો ધર્મછે કે
દયા મારગે ચાલવુ શ્રાવકો મથવી ન ખણે. ન ખણાવે. ખ
ણતા પ્રતે અનુમોદે નહીં. તેમ ટાઢુ પાણી પીવે નહી, તેવી
વરાવે પણ નહી; એવી સિદ્ધાંત વાણી સાંભળીને તેમના મ
નમાં જૈન માર્ગ રૂચ્યો, એવુ લીંગ ધારી શંઘના ગુરૂએ વિ
ચારયું કે સંઘના લોકો લંકાશાને ઘેર શિદ્ધાંત વાણી સાંભળ
વાને માટે જાય છે તેથી હવે આપણો કોણ ભાવ પુછશે? આ
ને હવે શઘળો શંઘ પણ અહીં રોકાઇ રહેશે, એવા ભયથી
તેઓ લીંગધારી શંઘની પાશે આવ્યા. અને કહેવા લા
ગ્યા કે "હવે શઘ અહીંથી ચલાવોતો ઠીક, કારણ કેશ
ઘના લોકો ખરચીને માટે દુઃખી થાય છે ત્યારે શંઘવીએ ક
હ્યુ વરશાદના દહાડા ચાલે છે તેથી દડકાં, અળશીઆ, લી
લફુલ ઇત્યાદી ત્રશ જીવની ઘણી ઉત્પતી થઇ હશે, માટે કેમ
કરીને જવાય, ત્યારે લીંગધારી ગુરૂ બોલ્યા" શાહજી ધર્મના

કામમાં હિસ્શા ગણવી નહી એવુ શાંભળીને શંઘવીએ એ મનમાં વીચાર કર્યો, કે લંકોશાના મ્હોડાથી મહા નશીત સુત્ર આદિ સિદ્ધાંત સુત્ર સાંભળીને તેમના પર ધર્મ ભાવ વધ્યો છે. માટે આપણે હવે લીંગધારી સાધુઓનો બોધ શાંભળવો નહી એવા વિચારથી શંઘ વીખરાણો, કેટલાક પોતાનેઘેર ગયા, ને કેટલાક લંકોશાની પાશે શિદ્ધાંત વાણી સાંભળવા રહ્યા, તેમાંના કેટલાક ભવ્ય જીવોને વૈરાગ ઉપજ્યો, તેથી ૪૫ જણાએ દીક્ષા લેવાનોવિચાર પ્રગટ કર્યો ત્યારે લંકોશાએ કહ્યુ કે "હુતો હવે વૃધ્ધ થયો, છુ તેથી મારાથી દિક્ષા પળાશે નહી પણ જો તમારી મરજી હોય તો સિદ્ધાંત સુત્ર પ્રમાણે તમને હુ દિક્ષા આપુ," તેમણે હા પાડવાથી સિદ્ધાંત સુત્ર ભણાવીને લંકોશાએ ૪૫ જણને દીક્ષા દીધી, ત્યારે સાધ્ય સર્વોજી ભાણોજી. નુણોજી, તથા જગમોજીને લંકોશાએ પુછયુ કે તમને કોઇ કહેશે કે તમે કેના ગચ્છના છો ત્યારે તમે શો જવાબ આપશો ત્યારે તેમણે જવાબ દીધો કે અમે તો તમાંરાથી બોધ પામ્યા માટે લોંકાગચ્છના છીએ એમ કહીસુ તે દિવસથી લોકાગચ્છ પ્રકટ થયો,

લોંકા ગચ્છના દયા ધર્મના પરૂપક શાધુઓને દ્રવ્ય લીંગીના શ્રાવક પુજારાદિકે ઘણા ઉપસગ કીધા પણ તેઓ ડગ્યા નહી, તેમણે ઘણુ દુઃખ શહન કરયું તે છતાં તેઓ સુદ્ધ ક્રિયાએ ચાલ્યા. તેથી લોકોની અંદર તેમની જશ વિખ્યાતી બહુ વધી અને પાટણ વાશી રૂપોશા હતા તેમણે પણ શિદ્ધાં

ત વાણી શાંભળીને વૈરાગ ઊંપજવાથી દિક્ષા લીધી તેમના શિષ્ય રૂપ રૂષિ થયા ત્યાથી લોંકાનો પહેલો પાટ થયો ત્યાર પછી સુરત નિવાશી જીવાશાએ રૂપ રૂષિ પાશેથી જ્ઞાન લઇને દિક્ષા લીધીને જીવો ઋષિ એ નામથી ઓળખાવા લાગ્યા એ લોંકાનો બીજો પાટ થયો ત્યાં સુધી તો આચાર વ્યહુ વારથી સાધુઓ શુધ પણે વર્તતા હતા. પણ ત્યાર પછીના સાધુઓ આચાર વીચારથી અશુધ થતા આવ્યા ગવેખણાથ કી મોકળા પડયા વસ્ત્ર પાત્રની મર્યાદા લોપી દીધી, અને નિતીને વિષે નર્મ થયા એવામાં સુરતના વાશી વીરજી હાપાજ્ઞાતે દશા શ્રીમાળી વાણીયા કરોડાધીપતી હતા તેની દીકરી ફુલબાઇનો દીકરો નામે લવજી બહુ તીવ્ર બુદ્ધિનો હતો તેથી તેને વ્રજાંગજી ઋષી પાશે લોંકાના અપાશરે શુત્ર સિદ્ધાંત ભણવાને માટે મોકલ્યો ત્યાં આગળ લવજીશા બહુ શુત્ર સિદ્ધાંત ભેદ પામ્યા તેથી ફુલ બાઇએ વ્રજાંગજી ઋષિને ઘણુ દ્રવ્ય દીધુ ભણી ગણી રહ્યા પછી લવજીશાએ વીચાર કર્યો કે આ કાળ શાધુઓ ઘણા મોકલ હારી ને આચાર વિચારમાં સુધ નથી. તેમ શુત્ર સિદ્ધાંતનાભેદ જાણતાનથી માટેમારેદિક્ષાલઇને સુદ્ધધર્મપરૂપણા કરવાને માટે દિક્ષા લેવી જોઇએ. એવા વિચારથી તેણે વીરજી વોરાની સંજમ લેવા માટે આજ્ઞા માગી. ત્યારે વીરજી વોરાએ કહ્યું કે તું જો લોંકાગચ્છમાં દિક્ષા લે તોજ રજા આપું તેથી લવજીશાએ બહુ આજિજી કરી, અને બીજા ગચ્છમાં દિક્ષા લેવાની આજ્ઞા માગી પણ વીરજી વોરાએ ન

આવી ત્યારે લવજીશાએ વીચાર્યું કે હમણાં એવોજ કાળ પ્રબળ છે, તો લોંકાગચ્છમાં દિક્ષા લઉં. એવો નિશ્ચય કરીને તેઓ વ્રજાંગજી પાસે ગયા; અને કહ્યું સ્વામી! મને દિક્ષા આપો પણ તે સાથે તમારે અમારે એવો કરાર કે તમારા શિષ્ય તરીકે બે વરસ સુધી લોંકાગચ્છમાં રહું ને પછી મારે ફાવે તે ગચ્છમાં દાખલ થાઊં. વ્રજાગંજી ઋષીએ મનમાં ધાર્યું કે તેમ તો તેમ દિક્ષા લીધા પછી બીજા કોના ગચ્છમાં જશે! આવા ઠરાવથી વીરજી વહોરાની આજ્ઞા લઇને લવજીશાએ દિક્ષા લીધો અને તે દિક્ષા ઉત્સવમાં વોરાએ વિશેષ ધન વાપર્યું. સંવત ૧૬૯૨ માં લવજી ઋષી થયા. તેઓ ઘણા સુત્ર સિદ્ધાંત ભણ્યા તે પંડિત તરીકે પંકાયા. બે વરષ પુરા થયાં એટલે ગુરૂને એકાતમાં તેડી જઇને કહ્યું હે સ્વામી!

दशअठयठाणाइं जाइंबालोवरज्जर
तत्थअनयरठाणे निग्गंथनाउभसइ ॥ १

ઇત્યાદી વચનો શ્રી દસવીક કાલીક સુત્રના છઠા અધ્યનનો બોલ ૧૮ મો અધિકાર છે. એ પ્રમાણે સાધુઓના આચાર જોઇએ. પણ આજે કયાં એવા આચાર પળે છે. ત્યારે ગુરૂજી બોલ્યા આજકાલ પાંચમો આરો વર્તે છે. તેમાં એવા આચાર વિચાર કેમ પળે ત્યારે લવજી ઋષી બોલ્યા કે સ્વામી! ભગવંતનો શુદ્ધ માર્ગ તો ૨૧૦૦૦ વરશ સુધી ચાલશે માટે સ્વામી હવે મારા તમારા કરાર પ્રમાણે ૨ વરસ પુરા થઇ ગયા. માટે જો તમે લોંકાનોગચ્છવોસરાવીને નીકળો તો તમે મા

રા ગુરૂ ને હું તમારો શિષ્ય ત્યારે વ્રજાંગજી બોલ્યા કે એ મારાથી તો આ ગચ્છ મુકીને નીકળાય નહીં. તે ઉપરથી એકલા લવજી ઋષી લોંકાગચ્છ તજીને નીકળ્યા. તેમની સાથે ઋષી ભાણોજી તથા ઋષી સુખોજી ફરીથી દિક્ષા લઇને સંઘ કીધો. અને ઘણાક ગામ, નગર ફરતાં ફરતાં તેઓ ખંભાત બંદર આવ્યા. ને પીઠને દરવાજે કપાસીની દુકાને ઊતર્યા. ત્યાં આગળ તેઓએ દશવીકંકાલીકના ભિક્ષુ અધ્યયનની ગાથા કહી સંભળાવી તે સાંભળીને ઘણા લોકો વૈરાગ્ય પામ્યા. ખંભાતની આશપાશ લવજી અણગારની બહુ પ્રસંસા વધી તે સાંભળીને સુરતના વીરજી વોરા બહુ કોપાયમાન થયા કે મારા ગચ્છનો ભેદ શીખીને લવજી જુદી પરૂપણા કરવા લાગ્યો. તે ઘણું અઠીક થયું એવું જાણીને તેમણે ખંભાતના હાકેમને વિનયપત્ર લખ્યો કે 'લવજી સેવડેકું ખભાતસેં નીકાલ ના ચાહીએ" યુ કાગળ વાંચીને ખંભાતના હાકેમે સિપાઇયોને હુકમ કર્યો કે લવજી અણગારને બોલાવીને ડેલીએ બેસાડો. લવજી અણગાર ડેલીએ આવીને બેઠા ને સઝાય ધ્યાન કરવા લાગ્યા. એવી રીતે તેમને ત્રણ અપવાસ થયા ત્યારે જતાં આવતાં બેગમની દાસીના જોવામાં લવજી ઋષી આવ્યા. તેથી બેગમને જઇને કહ્યું કે "નવાબને એક સેવડેકુ દારપર રોકા હૈ, સો શ દીન પઠ પઠ કરતા હે તીન દિવસકા ઊપવાસ હવા તોભી ખાતા પીતા નહીં હૈ" દાસીની આવી વાત સાંભળીને બેગમ બહુ કોપાયમાન થઇ, અને નવાબ આગળ જઇ હાથ જોડીને

બોલી "ખુદાવંત હજરતને દાઇ ફકીરાપર કફા નજર કીયા તે દીનસેં આપકા ખાણા ખરાબ હુવા એસા સમજના; ઇનોને આપકો કયા તકશીર કીની હે કે એસા નસરી ફકીરકું રોકાહે દો દીન તીન દીન હુવા તોભી ખાનેપીનેકી વાત નહી હે સારે દીન પઢપઢ કરતા હે ઔર સાડીમકા ધ્યાન લગાયા હે અબ આપકા ખાના ખરાબ હુવા એસા પવિત્ર ફકીરાકી હજરતમેં બેદુવા લીની એ અચ્છા નહીં કીયા હેં અબ દોલત દગામ કા સુખ ચાહીએ તો ઉસીકુ અભી છોડીદો."

એવી હકીકત સાંભળીને હાકેમ ઘણો દિલગીર થયો અને લવજી અણગાર પાસે આવી પગે પડીને બોલ્યો "મહારાજ! અમેરી કુછ તકશીર નહીં હેં સુરતકા શેઠજીકા કહેણા આયા ઉસલીએ મેરા અપરાધ હુવા હે સો તકસીર માફ કરના ચાહીએ. મહારાજ અબ ક્ષમા કરકે આપ દુસરે સ્થાન જાનેકી કૃપા કીજીએ.

નવાબના મ્હોડાના વચન સાંભળીને લવજી અણગાર ત્યાંથીથી ઉઠીને કલોદરે આવ્યા અને ત્યાંથી અમદાવાદનો વિહાર કર્યો અમદાવાદમાં ઓશવાળ આદિ બીજા ઘણા લોકો સિદ્ધાંત વાણી સાંભળીને વૈરાગ્ય પામ્યા તેમણે અલ્પ કાળમાં જૈન માર્ગનો ઘણો મહિમા વધારયો પછી તેઓએ સુરત ભણી વિહાર કર્યો. સુરત આવીને સ્થાનકની રજા માગીને ઊતર્યા બીજે દીવસે વીરજીવોહોરાની વૃધ્ધાવસ્થા જાણીને સ્વામીશ્રી તેમને ઘેર ગોચરીને બહાને વંદાવા ગયા. તે વખતે વોરા મેડીપર બેઠા હતા ત્યાં રજોહરણે પુંજતા પુંજતા લવજી અણગાર ગયા. તેમને જોઇને વીરજી વોરા બોલ્યા જે તમે શું ઢુંઢોછો ત્યારે સ્વામી શ્રી બોલ્યા જે.

## सवैयो.

ढुंढतढुंढतढुंढलीओसब, वेदपुराणकीतावमांजोई;
जेसांमहिमेमाखण ढुंढत, तसोदयामेंलीयोहेजोई-
ढुंढतहेतबहीच्चीजपावत, वणढुंढनपावतकोई;
एसोदयामेंधर्मढुंढो, जीवदयाविनधर्मनहोई. १

લવજી અણગાર સુરતમાં ચોમાસુ રહીને ચાતુર માસ ઉતર્યા પછી વીહાર કરીને શ્રી ખંભાત મધ્યે આવ્યા ત્યાં માસ કલ્પ કરીને શ્રી અમદાવાદ ભણી ફર્યા અમદાવાદના શ્રાવકો લવજી અણગારના પધારવાથી બહુ પ્રસંન થયા ત્યાં આગળ કાળુપુરના રહેવાશી પોરવાડ જ્ઞાતના સોમજિ નામના ૨૩ વરસની વયના શ્રાવક હતા તેમણે બહુ વૈરાગ્ય ભાવથી લવ અણગાર પાશેથી દીક્ષા લીધી ત્યાંથી લવજી અ... વીહાર કર્યો ઘણા ગામ નગર વીચારતાં તેઓ બુરાનપુર આવ્યા ત્યાં આગળ સિદ્ધાંત વાણી સાંભળવાને ઘણા શ્રાવકો આવવા લાગ્યા. શહેરમાં થોડા ઘણા દહાડા રહીને પછી એજ શહેરના ઇંદલપુર નામના પરામાં લવજી ઋષિ પધાર્યા તેમના પર શ્રાવકોનો બહુ ભાવ વધવાથી લોંકાગચ્છના જતીને બહુ દ્વેશ થયો અને અમકીબાઇ રંગારી મારફતે ઝેરનો લાડવો વોરાવો તે ઝેરી લાડુનુ પારણુ કરવાથી લવજી સ્વામીનો જીવ ઘણો ગભરાવા લાગ્યો ને શરીર આકુળ વ્યાકુળ થયુ તેથી શોમજી અણગારને પાશે બોલાવીને કહ્યુ કે મારા આયુષ્યનો ભરોંસો નથી એમ કહીને સાગારી સંથારો કરયો ને થોડી વારે તેઓ દેવગત થયા તેથી શ્રાવકોને બહુ સોક થયો માશ કલ્પ કરીને શોમજી અણગાર શેહેરમાં પ્રવેશ કરીને ચોમાસુ રહ્યા વરસા રતુ પુરણ થવાથી સોમજી સ્વામીએ બુરાનપુરથી વીહાર ક

રચો તે ગામ શહેર ખાતે ફરતાં ધરમ ઉપદેશ કરતાં કરતાં શ્રી અમદાવાદ આવ્યા ને આજ્ઞા માગી સ્થાનકમાં ઉતર્યા તે વખતે સ્થાનકમાં ધરમશી રૂશી પણ ઉતરેલા હતા તેઓ પહેલાં લોંકાના જતી હતા તેમની સાથે કેટલિક ધર્મ ચરચા ચાલિ ને મત ભેદ થવાથી શોમજી અણગાર બીજે સ્થાનકે જઇ ઉતર્યા થોડા દીવસમાં અમીપાળજી તથા શ્રીપાળજી અને મારવાડના વતની જીવોજી શોમજી અણગારના શીષ્ય થયા મહામુની શ્રી શોમજી અણગારે ૨૭ વરસ સુધી દીક્ષા પાળી ઘણાં પરિશ્રમ સહન કર્યાં અને જઇન ધર્મનો ઘણો મહિમા વધારીને સ્વર્ગે ગયા. ત્યાંથી ખંભાતનો સંઘાડો કેહેવાણો. તે સંઘાડા મધ્યે પરીપુજ્ય શ્રી હુકમચંદજી સ્વામી ભાણજી સ્વામી, ફતેચંદજી સ્વામી. લલુજી સ્વામી, વિગેરે મહામુનીઓ હાલ વિચરે છે,

શ્રી ધર્મશીમુની નવાનગરના દશાશ્રીમાળી વાણીયા હતા, અને અમદાવાદમાં લોંકાના શ્રીપુજ્યના શિષ્ય થયા હતા. તેઓ ૩૨ સુત્રના જ્ઞાતા હતા. તેમનાં ગુરૂ શ્રીપુજ્ય શ્રી દેવલોક થયા પછી તેમને શ્રીપુજ્ય પદવી મળવાનો હક હતો તે ન મળવાથી અને ઊપાદયા પદવી પણ બીજા શિષ્યને મળવાથી લોંકાગચ્છ વોસરાવીને સંવત ૧૭૦૯ માં ફરી દિક્ષા લીધી. પછી ધર્મશીમુની દરિઆપીરના જગ્યાએ રાત રહીને અમદાવાદમાં આવીને ઉતર્યા ને આઠ કોટી પરૂપવા લાગ્યા તે દિવસથી તેઓ દરિઆપરી કહેવાણા. તેમના શિષ્ય અમીપાળજી તથા શ્રીપાળજી હતા તેઓ પછીથી સોમજી અણગારના શિષ્ય થયા.

# લીંબડીના સંઘાડાની ઉત્પત્તિ

સંવત ૧૯૧૬ ની સાલમાં શ્રી અમદાવાદ પાસે આવેલા સરખેજ ગામમાં ધર્મદાસજી કરીને રહેતા હતા તેમના પિતાનું નામ જીવણ પટેલ કરીને હતું તેઓ જ્ઞાતના ભાવસાર હતા. ધર્મદાસજી બાળપણમાંથીજ બહુ ભાગ્યશાળી હતા. તેમણે લોંકાના જા. પાશે શુત્ર સિદ્ધાંતનો અભ્યાસ કીધો અને જૈન ધર્મશાસ્ત્ર વિષે નીપુણ થયા. બહુ સિદ્ધાંત સુત્ર ભણવાથી તેમનું મન આ સ્થિર સંસારમાંથી ઊઠી ગયું અને દિક્ષા લેવાનો દ્રઢ નિશ્ચય કર્યો, પણ મનમાં વિચાર કર્યો કે આજ કાલમાં ઘણા સાધુઓ મોકળહારી છે. માટે એવા સાધુઓ પાશેથી દિક્ષા ન લેતાં કોઇ સીદ્ધાંત શુત્રને અનુસરીને ચાલતા હોય એવા મહામુની શ્રી પાસે દીક્ષા લઉં તો સાર્થક થાય. એવો વીચાર કરીને બીજા ૧૬ સંગાતી સાથે લઇને પ્રથમ તેઓ લવજી અણગાર પાસે આવ્યા અને ધર્મચર્ચા ચલાવી તો તેમની વચ્ચે પરોપણાની અંદર સાત બોલનો ફેર પડ્યો તેથી તેમની પાસે દીક્ષા ન લેતાં તેઓ દરીપરીના ધર્મશી મુની પાસે આવ્યા. ને ચર્ચા ચલાવી તો પરૂપણાની અંદર ૨૧ બોલનો ફેર પડ્યો તેથી ત્યાં દીક્ષા ન લીધી અને પોતાની મેળે સોળ જણ સાથે અમદાવાદ બહાર આવેલી પાદશાહી વાડીમાં શ્રી ભગવતની સાક્ષીએ દીક્ષા ધારણ કરી. દીક્ષા ધારણ કર્યા પછી મહા પંડીત શ્રી ધર્મદાસજી સ્વામી પહેલી ગોચરીએ કુંભારવાડે ગયા ને આહાર પાણીનું પુચ્છયું, તો એક કુંભારણે કહ્યું

કે રક્ષા છે ત્યારે પુજ્યશ્રીએ કહ્યું કે તે વહેરાવો, એમ કહીને પોતાનું પાતરૂં ધર્યું ત્યારે પેલી બાઇએ પાતરામાં સુડલે કરીને ઉંચેથી રક્ષા નાંખી તે ઉડીને બહાર પડી; ને થોડી ઘણી પાતરાંમાં પડી તે રક્ષાકપડાંવતી ચાળી ઉના પાણીમાં નાંખીને મહા મુનીજી પી ગયા. એક દીવશે ધર્મદાસજીને દરિયાપરીના ધરમશી મુનીએ પુચ્છયું કે સાધુજી, આપને પ્રથમ શું ભીક્ષા મળી? એટલે ધર્મદાસજીએ રક્ષા મળ્યાની વાત કહી. સંભળાવી. તે સાંભળીને ધર્મશીમુની બોલ્યા કે તમેતો મહા ભાગ્યશાળીછો. જેમ રક્ષા વિના ઘર નહીં તેમ તમારા સેવક વગર ગામ નહી રહે, તે પાતરાંમાંથી ઉડીને બહાર પડી તેથી તમારા જુદા જુદા ઘણા સંઘાડા થશે.

થોડી મુદતમાં શ્રી ધર્મદાસજીએ સિદ્ધાંત માર્ગને અનુંસરીને જનમાર્ગ પ્રવરતાવ્યો અને દેશો દેશ વિચરી જૈન ધર્મનો મહીમા વધાર્યો. ઘણા શ્રાવકો વૈરાગ્ય પામ્યા. અલ્પકાળમાં મહામુનીની પાસેથી દીક્ષા લઇને ૯૯ શીષ્ય થયા. એમ ઘણો પરિવાર થયો. તેમાં રૂગનાથજી સ્વામીનો શીષ્ય ભીખમજી કરીને હતો, તે આર પાણી વોરી લાવ્યો હતો તે પાણી ઘણું ઉનુ હતુ તે ઉઘાડુ રહી જવાથી તેમાં અચાનક એક ઊંદર આવીને પડયો. ત્યારે ગુરૂએ કહ્યું. કે તેને જતને કરીને કહાડો; પણ પાણી ઘણું ગરમ હતું તેથી કાઢતાં પેહેલાં તે ઊંદરે પ્રાણ છોડયા. તેથી ગુરૂએ કહયું કે "પંચ ઇંદ્રીની ઘાત થઇ, અને તેનો બહુ મોટો દોષ થયો છે. ત્યારે ભીખમજી બો-

હ્યા કે " મેં તેને ક્યાં માર્યો છે, એનું આયુષ્ય તુટવાથી મુઓ છે, અને ઉંદરના જેવા વીકલ જાતી અઢાર પાપ સ્થાનકના સેવનારને ઊગારવામાં શો નફો છે"? એવી રીતે ગુરૂ સાથે ઘણી ચરચા ચાલી પણ ગુરૂ વચન પ્રમાણ ન કર્યા તેથી ગુરૂજીએ બાર પાણી જુદા કર્યો. તે દિવસથી દયા માર્ગ ઉથાપીને સંવત ૧૮૧૫ ના ચઇત્ર સુદી ૯ ને શુક્રવારના રોજ તેર સાધુઓ જુદા પડયા. ત્યાંથી તેઓ "તેરાપંથી" કહેવાણા. ઘણા વિપ્રીત બોલ પરૂપવા લાગ્યા, તે એવી રીતે કે "મારતા જીવને રોકાવે, છોડાવે તેમ કુસાધુઓને ધર્મ જાણીને દાન દે તેને અઢાર પાપ લાગે". એ તેર સાધુઓમાંથી રૂપચંદજી મુનીને બાર જાણાએ મળીને ગુરૂ ઠરાવ્યા હતા; પરંતુ રૂપચંદજીએ તેરાપંથીમાં સાર નહીં જોયાથી સંવત ૧૮૧૬ ની સાલમાં તે ગચ્છ છાંડી દીધો. અને સંવત ૧૮૩૬ માં શ્રી પાલનપુરના શ્રાવકોએ પણ તેરાપંથનું અસત્ય મત તજી દીધો.

મુનીશ્રીના ૯૯ ચેલામાંથી ૯૮ ચેલાએ મારવાડ, મેવાડ, માળવા અને પંજાબ ભાણી વિહાર કર્યો. તે સાધુઓ હાલ બાવીસ ટોળાના નામે ઓળખાય છે, અને બાકી મોટા ચેલા મુળચંદજી સ્વામી અમદાવાદની ગાદીએ હતા, તેઓએ ગુજરાતમાં ફરીને જૈનધર્મના ઘણોજ મહીમા વધાર્યો. તેમના સાત ચેલા જઇન સાસનને શોભાવે એવા મહા પ્રાક્રમી થયા તેનાંનામ.

૧ ગુલાબચંદજી સ્વામી, ૨ પંચાણજીસ્વામી, ૩ વનાજી સ્વામી, ૪ ઈંદરજીસ્વામી, ૫ વણારશીસ્વામી, ૬ વીઠલજીસ્વામી

૭ ઇચ્છાજીસ્વામી.

મહામુનીશ્રી ઇચ્છાજીસ્વામી અમદાવાદમાં ગાદીએ હતા તે વખતે લીંબડીના શ્રવકોએ ત્યાં જઇને ઘણીજ વીનતી કરવાથી તે મહા મુનીશ્રીએ લીંબડીમાં પવિત્ર ચર્ણ વિંદ કર્યા. અને શ્રાવકોની અતિશ્રદ્ધા અને આગ્રહથી ગાદીની સ્થાપના કરી. તેથી સંવત ૧૮૪૪ ની સાલ સુધી સઘળા સાધુઓ લીંબડીમાં એકઠા રહેતા હતા. પણ સંવત ૧૮૪૫ ની સાલમાં નીચે પ્રમાણે જુદા સંઘાડા થયા.

પંડીતશ્રી પંચાણજી સ્વામીના શીષ્ય રતનશી સ્વામી તથા ડુંગરશી સ્વામી શ્રી ગોંડળ ગયા તે દિવસથી ગોંડળનો સંઘાડો થયો.

પંડીત શ્રી વનાજી સ્વામીના શીષ્ય કાહાનજી સ્વામી બરવાળે ગયા ત્યાંથી બરવાળાનો સંઘાડો કહેવાણો.

પંડીત શ્રી વણારશી સ્વામીના ચેલા જેશંગજી સ્વામી તથા ઊદેશંગજી સ્વામી શ્રીચુડે ગયા ત્યાંથી ચુડાનો શંઘાડો કહેવાયો.

પંડીત શ્રી વીઠલજી સ્વામીના ચેલા ભુખાણજી સ્વામી મોરબી જઇને ત્યાં રહ્યા અને તેમના શીષ્ય વશરામજી શ્રી ધ્રાંગધ્રે ગયા ત્યાંથી ધ્રાંગધ્રાનો શંઘાડો થયો.

પંડીતશ્રી ઇંદરજી સ્વામીના છેલા ચેલા કરશનજી સ્વામી શ્રી કચ્છમાં ગયા. અને દરીઆપરીની આવસ્યકની પ્રત વાંચી આઠ કોટી પરોપી. ત્યાંથી કચ્છનો શંઘાડો કેહેવાણો.

પંડિતશ્રી ઇચ્છાજી સ્વામી લીંબડીએ હતા, તેમના ચેલા રામજી રૂષી શ્રી ઉદેપુર ગયા ને ત્યાંનો સંઘાડો થયો.

એ પ્રમાણે જુદા જુદા શંઘાડાની ઉત્પતી થઇ છે. અને મહામુનીશ્રી ઇચ્છાજી સ્વામી લીંબડીમાં સ્વરગત થયા પછી તેમના ગુરૂભાઇ ગુલાબચંદજી સ્વામીના શીષ્ય વાલજીસ્વામી, તેમના ચેલા હીરાજીસ્વામી તેમના શીષ્ય કાહાંનજી સ્વામી અને તેમના શિસ્ય મહા પંડિત શ્રી અજરામરજી થયા, તે માહાત્મા પુરૂષ ઘણાજ પ્રાક્રમિ હતા. તેમના ગુણ પ્રાક્રમ વિશે વિગતવાર વર્ણન લખીએ તો એક મોટો ઇતિહાસિક ગ્રંથ ભરાય, એ મહા ઉત્તમ તરણ તારણ પુરૂષથી લીંબડીનો શંઘાડો જઇન શાસન શોભાવનાર થયો.

પંડિત શ્રી અજરામરજીના જન્મ ચરિત્રનો સાર આંપવાની આતી જરૂર જાણીને અમે નિચે મુજબ પ્રકાશીએ છીએ.

હાલાર પ્રાંતમાં જામનગર તાબાના ગામ શ્રી પડાણાના વિશા ઓશવાળની જ્ઞાતીમાં માણેકચંદ શાહ કરીને ગ્રહસ્થ વણિક વસતા હતા. તેમને મહા પવિત્ર શ્રી કંકુબાઇ નામનાં પત્નિ હતાં. તે પવિત્ર બાઇને પેટે રત્ન સરીખા અજરામરનો જન્મ થયો હતો. થોડા વર્ષમાં માણેકચંદ શાહ પરલોકવાસી થયા અને તેથી સંસાર મહા અનીત્ય જાણી વૈરાગ્ય આણીને માતુશ્રી કંકુબાઇએ તથા શ્રી અજરામરજીએ સંજમ લેવાનો દ્રઢ નિશ્ચય કીધો. પરભવના પુર્ણ પુન્ય જોગેથી મહા પુરૂષ શ્રી હીરજી સ્વામી તથા કાનજી સ્વામિનો મેળાપ થયો. જેથી તેમના પાસે થોડી મુદત રહીને તેઓ શ્રી ગોંડળ આવ્યા, તેઓ એ-

કાંઇ દિવસની બપોરે જમવા માટે જતા હતા, એવામાં માર્ગમાં શ્રી ગુંસાઇજીના આચાર્ય મળ્યા તેમણે અજરામરજીની નાની ઉમર અને કપાળનું તેજ જોઇ જાણ્યું કે આ કોઇ ભાગ્યશાળી પુરૂષ છે; એમધારી ઉતારે ગયા પછી પોતાના ચાકરને મોકલીને શ્રી અજરામરજીને પોતાની પાસે બોલાવ્યા ને પુચ્છ્યુ જે તમે કોણછો, કયાં રહોછો અને અત્રે શા કારણશર આવ્યા છો; ત્યારે શ્રી અજરામરજીએ પ્રત્યુતર દીધો કે "હું ગામ શ્રી પડાણાનો ઓશવાળ વાણીઓ છું; અને આ સંસારમાં જૈન ધર્મ શીવાય બીજો કોઇ ધર્મ ઉત્કૃષ્ટ નથી, એમ ધારી આ બળતો સંસાર છોડીને સંજમ લેવાનો વીચાર છે તેથી અહિં શ્રી હીરાજી સ્વામી બિરાજે છે તેમની સાથે આવ્યો છું એવું સાંભળીને શ્રી ગોસાઇજી બોલ્યા જે, "જૈન ધર્મ એ ફક્ત મેલા—ઘેલા એકાંતમાં દુઃખ દાયક સ્થિતિમાં રહેવાનો છે. એવો ધર્મ તમે કેમ અંગીકાર કરો છો, માટે તમે મારી પાસે આવોતો મારી તમાંમ માયા મિલ્કત અને ગાદીના તમને વારશદાર બનાવી દઉં" આવી લાલચથી અજરામર ન લલચાતાં ઉત્તર દીધો કે "હુ આ સંસાર રૂપી સંકટ મય મહાસાગર ઉતરવા માટેજ સંજમ લેવાને આવ્યો છુ; તેને બદલે ઉલટો મોહ જાળમાં ફસાઉ એવુ તો કદાપી બનનાર નથી. તમે આજ પછી આવી રીતે કોઇને ફસાવવાનો પ્રયત્ન કરશો નહી" એમ કહીને શ્રી અજરામરજી પોતાને ઉતારે આવ્યા એજ વરષમાં એટલે સંવત ૧૮૧૯ના મહાસુ

દ ૫ ને રોજ શ્રી અજરામરજીએ તથા તેમનાં માતુશ્રી કં કુબાઇએ શ્રી ગોંડળમાં સાથે દીક્ષા ધારણ કરી અને બે ચો માસાં શ્રી ઝાલાવાડમાં કરીને શ્રી સુરત ચોમાસુ કરવાને માટે વીહાર કર્યો,

મહાપંડીત હીરજી સ્વામી. જ્ઞાનજી સ્વામી અને મહાપુરૂષ શ્રી અજરામરજી સ્વામી શ્રી ભરૂચ ગયા ત્યાંથી ઉઠી સુર ત ભણી વીહાર કર્યો, રસ્તે ચાલતાં વિશ્રામ અર્થે તેઓ એ ક સુંદર વૃક્ષ નીચે બેઠા તે વખતે ત્યાંથી થઇને તપા ગચ્છના શ્રી પુજ્ય જતી શ્રી ગુલાબ ચંદજી મ્યાનામાં બેશીને ભરૂચથી શ્રી સુરત જતા હતા. જે ઝાડ નિચે અજરામરજી સ્વામીબે ઠા હતા ત્યાંજ આવીને પુજ્યજતી શ્રીએ મુકામ કર્યો મહા મુની શ્રી અજરામરજી સ્વામીના પગના લક્ષણોપર તેમની ન જર ગઇ તથા મુખ મુદ્રા અને બીજાં લક્ષણ જોઇને પુજ્યશ્રી ઘણા ખુશી થયા કે હું કેટલીક મુદત થયાં મારે માટે ઉત્તમ શિષ્ય શોધતો હતો, પણ આજ સુધી મને તેવો પુરૂષ નહ તો મળ્યો, પણ સારે નશિબે આ પુરૂષ આજે મળ્યો છે. એ વું જાણીને પુજ્ય શ્રી અજરામરજી સ્વામિને પુછયું કે "તમારે આ સાલ કયાં ચોમાસુ કરવાનો વિચાર છે? ત્યારે શ્રી અજરા મરજી સ્વામિએ ઉત્તર દીધો કે અમારે આ સાલ શ્રી સુરત ચોમાસુ કરવાનો વિચાર છે." તે ઉપરથી શ્રીપુજ્યે કહ્યું કે હું તમને અગત્ય જોગ વિદ્યાનો અભ્યાસ કરાવુ તો તમે કર વાને ખુશી છો. " ત્યારે અજરામરજી સ્વામિએ અભ્યાસ ક

રવાની બહુ ખુશી બતાવી. થોડીવાર રહીને પુજ્ય પુજ્યને ર સ્તે ગયા. અને શ્રી અજરામરજિસ્વામીવગેરે શાધુઓચોમાસુગા ળવાને માટે શ્રી સુરત ગયા ચોમાશાના ચાર માસમાં શ્રી પુજ્ય અજરા મરજિને ઘણો અભ્યાસ કરાવ્યો, અને મહાપુરૂષ અ જરામરજી સ્વામીએ સુરતમાં જુદાં જુદાં પરાંમાં લાગો લાગ ૭ ચોમાસાં કર્યાં તેથી તેમના અભયાશમાં બહુ વધારો થયો મહા પંડીતની પદવી પામ્યા અને ત્યાંથી પછી શ્રી લીબડી એ પધાર્યા સંવત ૧૮૪૫ માં આચાર્ય પણે ચાતુરવી સંઘના મુખી ઠર્યા તે મહાત્મા પુરૂષે જૈન ધર્મનો ઘણો મહિમા વધા ર્યો. ઘણા ભવ્ય જિવોને ઉપદેશ આપી સંશાર સમુદ્રથી તાર્યા

મહાપુરૂષ શ્રી અજરામરજી સ્વામિનો જન્મ શંવત ૧૮૦૯ ની સાલમાં થયો હતો. તેમણે સંવત ૧૮૧૯ ની સાલમાં દિ ક્ષા લીધી. સંવત ૧૮૪૫ ની સાલમાં આચાર્યપણે થયા અને સવત ૧૮૭૦ ના શ્રાવણ વદ ૧ દેવગત થયા અને તેમની પાટે તેમના મોટા શિષ્ય દેવરાજજી સ્વામી થયા.

## (ગરબી.)

"શેઠ સગાળશા શાધુને સેવે, વાણીયો પાળે વૃત." (એ રાગ)

દેવ દેવાધીન પાયે લાગુ, પ્રણમિ ગણધર પાય;
અજઅમર ગુરૂના ગુણ ગાતા, મુજ મન હરખ ન માય.
દુનિઆમાં ગુરૂ ન એવારે, અજરામર સ્વામિ જેવા. ૧
પ્રાંત હાલારમાં ગામ પડાણું, જન્મ ભુમિનું ઠામ;
ઓસવાળ કુળમાં પ્રકટયા દિવાકર, અજરામરજી સ્વામિ. દુ૦ ૨

સંવત અઢાર ઓગણી સાલે, ગોંડળ સ્હેર મોઝાર;
માતા સાથે સંજમ લીધો, સફળ કિધો અવતાર. હુ૦ ૩
સંજમ લઇને થયા મુનીશ્વર, ચરણ કરણ ગુણધાર;
ઉગ્ર વિહારી શુદ્ધ આચારી, બહુ વિદ્યા ગુણના ભંડાર. હુ૦ ૪
શર્વે ભાષામાં પ્રવીણ હતા. ઉપદેશમાં જળધાર;
ગામ, નગર, પુર. વિચરી ઘણા, ભવ્ય જીવને દીધા તાર. હુ૦ ૫
આ કળિકાળે કલ્પતરૂસમ, પ્રબળ પૂણ્યે નિધાન;
સમતા સાગર ગુણ રત્નાકર, મહિમા એ મેરૂ સમાન. હુ૦ ૬
ગુણ અનેક ગુરૂ ગ્રંથીત છે, કહેતાં નાવે પાર;
કરજોડિ વિરચંદજી કહે વેગે, વરજયો શિવ વધુનાર. હુ૦ ૭

મહામુનીશ્રી દેવરાજજી સ્વામિ કચ્છમાંના કાંડાકરા ગામના હતા, તેઓએ અને તેમના સંસાર પક્ષના કાકા નાગજી સ્વામિ બન્ને જણાએ શંવત ૧૮૪૧ ના ફાલ્ગુન શુદિ ૫ ને રોજ સાથે દિક્ષા લીધી, અને સવંત ૧૮૭૦ માં આચાર્યપણે ચતુર્વી સંઘના મુખી થયા, તેમણે સંવત ૧૮૪૭ માં શ્રી કચ્છ દેશમાં વિહાર કર્યો હતો. તે વખતે શ્રી. કચ્છદેશને વિશે સાધુતથા શ્રાવકોની શ્રદ્ધા આઠ કોટીની થઇ હતી. કારણ કે આ દેશમાંથી દરિઆપરિના આવસ્યકની પ્રત કચ્છમાં ગઇ હતી તથા સાધુઓ પણ બહુ વિદ્વાન નહિં હોવાને લીધે કચ્છ દેશમાં આઠ કોટીનો વધારો થયો હતો પણ અજ્ઞાન તીમીરના હરનારા મહા પુરૂષો શ્રી દેવરાજજી સ્વામિએ ત્યાં જઇને આઠ કોટી સબંધી ખુબ ચર્ચા કરી અને તે સબંધી ગા

રવાડ, મેવાડ, અને બુંદી કોટા વગેરે દેશાવરો આતેથી પુ-
રાવા મંગાવિને છ કોટી સિદ્ધ કરી આપી અને તે દિવસથી
શ્રીકચ્છ દેશમાં છકોટીનો બહુફેલાવો કર્યો; ઘણા શ્રાવકોએ આઠ
કોટી વોસરાવીને છ કોટી અંગીકાર કરી; તેમ સાધુઓમાં હર
વખત સદરહુ બાબતપર ચર્ચા થવાથી આઠ કોટીનો જુદો સંઘા-
ડો થયો. શ્રી દેવરાજજી મહામુનીએ કચ્છમાં શુદ્ધ શ્રદ્ધા પ્રવ-
તાવી, અને દેવજી સ્વામિ વિગરે તેમના શિષ્ય થયા, તેઓએ
જૈનધર્મનો ઘણો મહિમા વધાર્યો, અને સંવત ૧૮૭૮ ના આ
શ્વિન વદ ૨ ને રોજ શ્રી લીંબડી શહેરમાં દેવગત થયા. તેમના
પછી તેજ વરષમાં ચતુરવીસંઘના મુખી મહા મુની શ્રી ભાણ-
જી સ્વામિ થયા. તેમણે સંવત ૧૮૫૫ની સાલમાં દિક્ષા લીધી
હતી, અને સંવત ૧૮૮૩ માં દેવગત થયા. તેમની પાછળ મહા
પંડિત શ્રી દેવજી સ્વામિ થયા, મહા મુની શ્રી દેવજી સ્વામી
વાંકાનેરના લુવાણા હતા. તેમનો જન્મ શંવત ૧૮૬૦ ની સા:
લમાં હતો. તેમણે પોતાની દશ વરષની ઉમરે સંવત ૧૮૭૦ના
પોશ વદ આઠમ ને રોજ શ્રી કછમાં આવેલા રાપરમાં મહા
મુનીશ્રી દેવરાજજી સ્વામિ પાસે દિક્ષા લીધી અને સંવત ૧૮૮૯
માં આચાર્યપણે ચતુરવીશંઘના ઉપરી થયા, મુનીશ્રી દેવજીસ્વામી
ઘણા પરાક્રમી થયા; ઘણા ભવ્ય જીવોને સંસારની મોહ જાળ
માંથી મુક્ત કરયા. અને દેશાવરોમાં વિહાર કરી જઈન દયા
ધર્મનો પાયો મજબુત કર્યો. મહામુની શ્રી દેવજી સ્વામીનાં ઘ:
ણા શીષ્યો હતા, તેમાં ગુંદાળાના રહીશ કાનજી સ્વામી સંવત

૧૮૯૧ ની સાલમાં તેમના વડા શીષ્ય થયા. ત્યાર પછી સંવત ૧૯૯૫ માં શ્રી રાપુરના સવજી સ્વામી શીષ્ય થયા. ત્યાર પછી રાયણ ગામના રહીશ નથુજી સ્વામી થયા. ને તેમની બહેને પણ તેજ દહાડે દીક્ષા લીધી.

મહામુની શ્રીએ સંવત ૧૯૦૦ ની સાલમાં વીહાર કરીને શ્રી કચ્છના ગામ ગુંદાળે પધાર્યા ત્યાં મહા પંડીત શ્રીએ મેઘ ધારા સમાન શીદ્ધાંત વાણીનો ઉપદેશ કરવાથી ઘણા ભવ્ય જીવોના કઠોર મનસ્કોમળ થયા. અને ઘણા વૈરાગ્ય ભાવે ઊત્તમ પુરૂશોએ દીક્ષા લીંધી તે હકીકત નીચે મુજબ.

સંવત ૧૯૦૧ની શાલમાં સુંદરજી સ્વામી, દીપચંદજીસ્વામી, તથા દેવકરણ સ્વામી શંસાર પક્ષે સગાભાઇ થતા હતા તેમાં મોટાભાઇ દેવકરણજી સ્વામી તો પરણેલા પણહતા તેથી તેમને દીક્ષાની આજ્ઞા ન મળવાને લીધે તેઓએ એક વરસે દીક્ષાએ નાના થયા. તેમાંના સુંદરજી સ્વામી સ્વર્ગવાશી થયા છે તથા મહાંમુનીશ્રી દેવકરણજી સ્વામી શંવત ૧૯૪૧ ની શાલમાં લીંબડીમાં સ્વર્ગવાશી થયા છે. તેમજ શ્રી ગુદાળામાંથી જેચંદજી સ્વામી તથા જીવણજી સ્વામીએ શંવત ૧૯૦૩ ની શાલમાં શ્રી માંડવી મધ્યે દીક્ષા લીધી તેઓ સંસાર પક્ષે બાપ દીકરા થતા હતા. તે સાથે મહા પુરૂષ શ્રી જીવણજી સ્વામીની માતુશ્રી એ પણ દીક્ષા લીધી હતી. તેમાંથી મહારાજ શ્રી જેચંદજી સ્વામી સ્વર્ગવાશી થયા છે, વળી તે જગામાંથી લાધાજી સ્વામી તથા મેઘરાજજી સ્વામી શંસારપક્ષે સગાભાઇ થતા હતા, તેમને

પુજય શાહેબે ઝાલાવાડમાં પધાર્યા પછી વાંકાનેરની અંદર સંવત ૧૯૦૩ ની શાલમાં શ્રી લાધાજી સ્વામીને દીક્ષા દીધી અને સંવત ૧૯૦૪ માં મેઘરાજજી સ્વામીને શ્રી લીબડી મધ્યે દીક્ષા આપી. એજ ગામના એટલે શ્રી ગુંદાળાના મહાત્મા શ્રી કાનજીસ્વામીના સંસાર પક્ષના લઘુબાંધવ સંઘજી સ્વામીને શ્રી લીંબડીમાં શંવત ૧૯૦૬ ના પોશ વદ ૮ ને દીવસે દીક્ષા દીધી શ્રી મકનજી સ્વામીએ પણ સંવત ૧૯૦૮ ની શાલમાં શ્રી લીંબડીમાં દીક્ષા લીધી એવી રીતે શ્રી ગુંદાળા ગામમાંથી ચાર ઘરના ૧૧ માણસોએ દીક્ષા લીધી તેમાં ૧૦ સાધુજીને એક આર્યાજી થયાં આ પ્રમાણે પુજય સાહેબ શ્રી દેવજીસ્વામી નો પરીવાર વધ્યો તેઓ મહા પુરૂષ થયા અને તેમની વાંણી સાંભળીને ઘણા ભવ્ય જીવો બુઝયા.

## श्री देवजी स्वामिनी

### લાવણી.

શ્રી દેવરાજજી સ્વામિના છે, શિષ્ય દેવજી સ્વામિ,
જેના ગુણ છે અપરમપાર, નથી કાંઇ ખામી;
પંડીતરાજ, કવિરાજ, સુત્રના જ્ઞાતા,
દર્સન દેખી ભવ્ય જીવ, પામે બહુ શાતા,
જશ કિરતી જેની, જગમાંહિ ફેલાવો પામી,
હું નિત્ય કરૂં ગુણ ગ્રામ, દેવજી સ્વામિ,
મહા પ્રતાપી પુરણ સુર્ય પેર જાયા,

મદ માયા લોભને કામ, દુસ્ટ વામ્યા;
ધન્ય ધન્ય તમારાં માત પિતાને ભાઇ;
જે કુળમાં પ્રકટયા આપ શરિખા દેવતાઇ.
બહુ શિષ્ય તણો પરિવાર આપનો શોભે,
પરમતવાળા પણ જોઇ મનમાં ક્ષોભે,'
ઇત્યાદીક શુભ ગુણ હતા વળી અહકેરા;
કરૂં હસ્ત જોડીને અરજ ટાળો ભવ ફેરા.

પુજ્ય સાહેબ શ્રી દેવજિ સ્વામીએ જૈન ધર્મનો મહિમા વધાર્યો અને શંવત ૧૯૨૦ના જેઠ સુદી ૮ ને રવિવારને રોજ ૬૦ વરષની વયે શ્રી પીયુમંદ (લીંબડી) શહેરમાં સ્વર્ગ વાશ થયા. તેમની પાછળ મહામુની શ્રી ગોવનજિ સ્વામી પાટે બેઠા અને મહા પુરૂષ શ્રીકાનજિ સ્વામી ચતુરવો શંઘના આચાર્ય થયા —

શંવત ૧૯૧૫ની શાલમાં મહાપુજ્ય શ્રી દેવજિ સ્વામીના ગુરૂભાઇ અવચલજિ સ્વામી તથા તથા તેમના શીષ્ય મુની હેમચંદજિ સ્વામી તેર સાધુ શહીત ધરમ શાળામાં ઊતરીને જુદો સંઘાડો પાડ્યો; તે દીવશથી લીંબડીમાં શ્રી સંઘવીનો અપાશરો કેવાય છે.

મહા પંડીત શ્રી કાનજી સ્વામી કચ્છના ગામ ગુંદાણુના વીસા ઓશવાળ વાણીઆ કુળમાં જનમ્યા હતા.તેમના પીતાશ્રી નું નામ થા. કોરશી અને માતાનુ નામ મુગીબાઇ હતીને હતુ તેમણે ત્રણ વરષનુ પરણેતર છોડી શંશાર અસ્થિર

જાણીને ઘણા વઇરાગ્ય ભાવથી સંવત ૧૮૯૧ ના ફાલગુન સુદરના રોજ દિક્ષા લીધી અને શંવત ૧૯૨૦માં આચાર્ય તરીકે થયા, ઘણાં ગામ, નગર ફરી, ઘણા ભવ્ય જિવોને શશારની મોહ જાળમાંથી બચાવ્યા.તેમાચેલા રંગજિ સ્વામી અને દેવચંદજિ સ્વામી વિગેરે શિષ્યો થયા.

પૂજય શ્રી કાંનજિ સ્વામીની

(લાવણી)

તમે સેવો સુ ગુરૂ શુભ ધ્યાન, મનોહર મારા.
સુખ આનંદના કરનાર, પાપ હરનારા, ૧
મુની રાજ ગુણ શમુદ્ર, ભજો તમે ભાઇ;
ગુરૂ વિના જગતમાં નહિ, શેત્ય શખાઇ. ૨
કહાનજી સ્વામિ સુખકાર, જગતના બંધુ,
ગરવાને ગંભીર, સુમતિના શિધુ,
સ્વ, પરમત કેરા જાણ, અતિ કરૂણાળા. ૩
વળી કૃપા રસે ભરપુર; વહે જયમ નાળાં. ૪
જશ ઉપદેસે જગ જંતુ, તર્યા ભવ અબધિ;
તુમ શરણે આવ્યા જેહ; કુમતિ તશદધિ
થયા પંચ મહાવ્રત ધાર, જગત ઉદાશી,
જ્ઞાની ગુરૂની સંગ તોડી ભવ રાશી.
શિધાંત પ્રણિત શુદ્ધ ધર્મ, તેને અનુશરતા,
કરતા જીન કેરો જાપ; પાપથી ડરતા,
કંચનને કામની દાઇ, તજયાં જેણે છતાં;

પાંખડી જીત્યા બહુ, શિદ્ધાંતે તેસ્તા.
પુજ્ય શાહેબ કેરા જાપ, જપુ દીન રાતી,
મારી જ્ઞાન રૂપ અથવા, વાળો તુમ જાતી,
પુજ્ય હુ સેવક તમે સ્વામી; ધરો મુજ અરજી,
વદે જેઠમલ મુની એમ, એજ મુજ મરજી,

મહા પુરૂશ શ્રી કાનજી સ્વામીએ ઘણો જૈન ધર્મ દિપાવ્યો દેશ વીદેશ વીચરીને ઘણાં ભવ્ય જીવને તાર્યા અને મહાત્મા પુરૂષે કચ્છ દેશમાં વિહાર કરવાથી પુજ્ય સાહેબનો વખાણ વાણી સાંભળીને અઢાર જણ બુઝયા હતા. તેમાં એક ઘરના ત્રણ જણે સાથે દીક્ષા લેઇ શીષ્ટ થયા. તે ઉત્તમ પુરૂષોના નામ. આશકરજી સ્વામી. માણેકચંદજી સ્વામી, જેઠમલજી સ્વામી, એ પ્રમાણે બે કીકરાએ અને બાપે સંસાર મહા અનીત્ય જાણી ઘણા વૈરાગ ભાવે સંજમ લીધો. એ પ્રમાણે ઘણા શીષ્યનો પરીવાર થયો. એવા તરણ તારણ મહા પ્રાક્રમી પુરૂષ થયા. તથા પુજ્ય શ્રી ગોવંદજી સ્વામી પણ ઘણા ઉતમ પુરૂષ હતા તેમને શ્રી પાનાચંદજી વીગરેશિષ્ય થયા તેઓ શ્રી લીંબડીમાં શંવત ૧૯૩૫ની શાલમાં સ્વર્ગવાશી થયા અને મહા પુજ્ય શ્રી કાનજી સ્વામી શંવત ૧૯૩૬ના મહા વદિ ૫ ને રવિવારને રોજ શ્રી પીયુમંદ પુરી (લીંબડી) મધ્યે સ્વરગ વાશી થયા તેમનિ પાટે શ્રી નથુજી સ્વામિ બેઠા અને આચાર્ય પદ મહા પંડિત્ત શ્રી દિપચંદજી સ્વામિ થયા.

મહા પુરૂષ શ્રી નથુજી સ્વામી રાયાણ ગામના વીશા ઓ

સવાળ હતા, તેઓએ સંવત ૧૮૯૫ના કારતિક વદ ૭ ને દી ને શ્રી માંડવી શહેરમાં દીક્ષા લીધી અને સંવત ૧૯૩૭ની શાલમાં પાટે બેઠા તેમણે ઘણો જૈન માર્ગ દીપાવ્યો અને ગુલાલચંદજી સ્વામી આદીબીજા અનેક સીષ્ય થયા. મહા પુરૂષશ્રી નથુજી સ્વામી સંવત ૧૯૪૦ના શ્રાવણ વદિ ૮ને રોજ શ્રી લીંબડીમાં સ્વર્ગ વાસી થયા,

પુજ્ય શ્રી દિપચંદજી સ્વામી શ્રી કચ્છના ગામ ગુદાળાના વાસી અને જાતના ઓશવાળ છે તેઓ પોતાના સંસાર પક્ષના બે વડીલ ભાઇ શ્રી સાથે સંવત ૧૯૦૧ના મહાવદી ૧ ને રોજ દીક્ષા લીધી અને સંવત ૧૯૩૭ની શાલમાં આચાર્ય પદવી મેળવીને તરતજ શ્રી કચ્છ દેશ ભણી વિહાર કર્યો, ત્યાં ચાર વર્ષ રહી ઘણો જૈનધર્મનો મહીમા વધાર્યો. શીષ્યો થયા. તે મહાત્મા પુરૂષ પુજ્ય પદવી ભવે લીંબડીમાં બીરાજેછે.

સવૈયો એકત્રીસો;

સંવત ઓગણીસેં બેંતાળીસ,
શ્રાવણ શુદિ પાંચમ શીકાર;
પટાવળી શ્રી જૈન પંથની,
તે શુભ દીવસે થઇ તૈયાર.
પરમ જ્ઞાનવાળા પુરૂષો જે,
પરમ જ્ઞાનથી પામ્યા પાર,
એવા પુરૂષની પટાવળીઓ,
સ્નેહ સહીત વાંચો સુખ કાર.

# इतिश्री प्रथम दर्शन.

# श्री पटावळी समाप्त.

# द्वीतिय दर्शन.

## श्लोक.

विद्याकलापकुशल:सुविचारदक्षो ॥
ज्ञानप्रदोबहुविधानाविचारयांगै: ॥
ज्ञानांबुधेर्मथनेमंथनदंडरुप ॥
श्रीदीपचंद्रगतिमान्यपतान्मुनींद्र ॥ १

ભાવાર્થ—ચૌદ વીધાગમાં પ્રવીણ અને તે વિદ્યાના ધરમને અનુસરતા, રૂડા.વીચારમાં ચતુર શ્રાવક લોકોને અનેક યુક્તિ, વીધી અને વીચારથી જ્ઞાન આપવામાં અતિ નિપુણ જ્ઞાન રૂપિ દહિના ભરેલા મહાસાગરને મંથન કરી માંખણ રૂપી તત્વ કાઢનાર રવૈયા રૂપ મહા બુદ્ધીસાળી મહા મુની રાજ્ય પુજ્ય શ્રી દીપચંદજી આ જગતમાં શ્રાવક લોકોના ઉદ્ધાર અને કલ્યાણને અર્થે આ જગતમાં જય જય પણાથી વર્તો ઓ એવા મહામુની રાય શ્રી દીપચંદ મુની ગામે ગામ ફરીને ઘણોજ જૈન મારગ દિપાવ્યો. ધર્મના મહીમા વધાર્યો અને ભવ્ય જિવોને ધર્મ બોધ આપી આ સંસાર સમુદ્રમાંથી તાર્યા મહારાજ શ્રી દીપચંદજી મુનીના ધર્મ બોધથી આ કરછાઇને શ્રી સુદામડાના વાસી શાચત્રભુજજિએ તથા લીંબડી નીવાશી શા શંઘજિ નાનજિના વંશના શા જિવણજિએ તથા તેમના પુત્ર નાગજિએ શ્રી કચ્છના માંડવી નગરમાં સંવ

ત ૧૯૩૮ની શાલમાં દિક્ષા લઇને શીષ્ય થયા. પછી પુજ્ય સાહેબશ્રી મુની દેવકરણજી સ્વામી તથા શિષ્ય મંડળ સહીત શ્રી કચ્છમાંથી વીહાર કરીને રણમારગે શ્રી મોરબી નગરમાં પધાર્યા. સ્વામીશ્રીના દર્શન કરીને જૈન લોકો આનંદ પામ્યા. ત્યાંથી ખેડુએ થઇને શ્ર વઢવાણ કાંપ અને વઢવાણ શહેરના જૈન લોકોને દરશનનો લભ દઇને શ્રીખારવે થઇને મખ્યાત એવીજે શ્રીપીચુમંદપુરી તેમાં સંવત ૧૯૪૧ ના ફાગણુન વદી ૧૩ને શુકરવારને શુભ દિવસે પ્રવેશ કર્યો. તેથી તે દીવસે બહુ આનંદ ઊત્સવ થઇ રહયો, અને જૈન લોકો પુજ્યશ્રીના દર્શન કરીને પરમાનંદ પામ્યા.

પરમ પુજ્ય શ્રી દીપચંદજી મુનીના પધારવાની વાત સાંભળીને સાધુઓનો ઘણો સમુદાય એકઠો થયો, તથા શ્રી જેતપુર ધોરાજી, જુનાગઢ વિરમગામ, ભાવનગર, ધોલેરા, અમદાવાદ, ગોધાવી, બેઠા, કંદારણા, ભુજ, વઢવાણ અને પાળુસીણા વિગેરે ઘણા ગામોના શ્રાવકો મહામુનીશ્રીને વાંદવા માટે આવ્યા.

શો આજનો સુ દીન, આજની ઘડી;
આજની ઘડિ દીસે વિવા થકી વડી. (૯૬)
માનસંગજી નરભેરામે, નિમગ કરતા નામ;
સંઘ લીધો સાથે શ્રાવકનો, કરવા પુણ્યનું કામ;
શો આજનો સુ દીન આજની ઘડી,
આજની ઘડી દીસે, વીવા થકી વડી.

ભગવાનજિ દોશીના ભાવે; સંઘનો લઈ સંગાત,
પીચુમંદપૂરીમાંહી પધાર્યા, હૃદય થઈ રળીયાત. શો૦
આગકાર દેવા ઇસ્ટેશન; શ્રાવકનો સમુદાય,
ગાડી ઘોડા લઇને જાતા, ગુણી જન તવનો ગાય. શો૦
ભાવે સાધરમીને ભેટી, સાકરપાણી પાય:
એ આદીક ઇસ્ટેશન ઉપર, ઠિક રચના બહુ થાય. શો૦
ઉલટ થકી પછી ઉપાસરામાં, આવ્યા જૈન અપાર;
સાધુજિનો બોધ સાંભળી, વંદ્યા વારમવાર. શો૦
ઈંદ્ર લોકથી શોભા અદકી, આ ઠેકાણે થાય;
લાખોપતિ સાકરની લેણી, જુકતે લેવા જાય. શો૦
જોતાં દૂજો નથી જગતમાં, શ્રી જૈનધર્મ સમાન;
ભવાનીશંકર ભાવ થકી, વધતાં શાં કરે વખાણ. શો૦

---

શ્રી ઊપાસરામાં આ સમયે મહામુનીવર શ્રીને વાંદવાને માટે બહુ દેશના શ્રાવક જનોનો મિલાવડો એકઠો થયો હતો. તે વખતે પુજ્યશ્રી દિપચંદજી સ્વામિએ સિદ્ધાંત વાણીના નિયમ પ્રમાણે બોધ પ્રકાશ્યો.

"સંસાર સુખનો સાગર નથી પણ દુઃખનો દરિઓ છે. જગત માત્ર વિપત્તિના વાદળે કરીને છવાઇ રહ્યું છે. મોટા મોટા ચક્રવર્તિઓ, તીર્થંકરો અને માંડલિકો પોતાની અખુટ રાજ્ય રિદ્ધિ, સુખ સાહેબી, પુત્ર પરિવાર અને હજારો લાખો નોકરો ને છોડી એક તૃણ બરાબર સંસારને વિષમય જાણી ચારિત્ર શ્ર

હણી કરી મોક્ષ ગામી થયા, માટે હે ભવ્ય જીવો! જ્ઞાન દ્રષ્ટિએ વિચાર કરશો તો જણાશે કે સર્વે સ્વાર્થનું સગું છે. જીવ એકલો આવ્યો અને એકલો જવાનો છે. આવો મનુંષ્ય ભવ્ય ચિંતામણી સમાન છે, તે કાચના કડકાની કિમતમાં હારિ જવો એ પશ્ચાતાપ ભરેલું છે. મનુંષ્ય દેહ પામવો મહાદુર્લભ છે. દેવતાઓ પણ મનુંષ્ય દેહની વાંચ્છના કરે છે. અજ્ઞાન મનુષ્યો સંસારની મોહ જાળમાં પડીને ફસે છે. ધર્મકાર્ય કરતાં નથી ત્યારે શાથી સદગતિ પામે? મનુંષ્ય સુખના સમયમાં મગરૂર બની, મોજ મજામાં પોતાનો અમુલ્ય કાળ ગુમાવે છે, અને જયારે પુણ્યરૂપી ભાતું ખુટે છે, અને પ્રાપ ઉદય થાય છે ત્યારે અજ્ઞાન મનુંષ્ય દિલગીરીમાં ડુબીને પોતાના સુખ—દીવસ સંભારે છે. માટે આ અસાર સંસાર તરવાને માટે જૈનધર્મ ગ્રહણ કરવો જોઇએ. સર્વ ધર્મમાં જૈનધર્મ બહુ સુક્ષ્મ અને દયા મય છે. માટે પ્રથમ ધર્મજ સાધવો. ધર્મ વગર મોક્ષ નથી અને મોક્ષ વગર સત્ય સુખ નથી.

---

શું રહ્યા જગતપર રાચી, નથી બાજી જગતની સાચી. (ટેક)
પીંડ પાણી તણો પરપોટો, ખચિત એ જણાતો ખોટો;
કાયા છે કેવળ કાચી, નથી બાજી જગતની સાચી. ૧
ફરી લખ ચોરાશી ફરશો, થીર થઇ નરકમાં ઠરશો;
બહિ બેસે નહિ જયમ ધાંચી, નથી બાજી જગતની સાચી.
પતરાજી મુકી દે પાજી, ગર્ધવ સમ રહે ન ગાજી;

તારી ટકે ન મુઠી ટાંચી, નથી બાજી જગતની સાચી. ૩
મન મેલ મુરખ લે માંજી, બહુ જુઠી જગતની બાજી;
લે સમજ હંસની સાચી, નથી બાજી જગતની સાચી. ૪
માયા માયા કરીને મરતો, બધી ફિકર લઈને ફરતો;
નકી મરવું નાચી નાચી, નથી બાજી જગતની સાચી. ૫
શિશુ વય તેં નહિં સભાળી, તેં તરૂણ ઉમર પણ ટાળી;
મદની માથે લઇ ગાંચી, નથી બાજી જગતની સાચી. ૬
સત ગુરૂજીનું લે શરણું, ભકિતનું કરીને ભરણું;
વિનતી ભવાનીની વાંચી, નથી બાજી જગતનની સાચી. ૭

---

મહારાજ શ્રી દીપચંદજી મુનીના મુખની સિદ્ધાંત વાણી સાંભળીને તથા જ્ઞાન બોધ સાંભળીને ઘણા શ્રાવકજનો વૈરાગ્ય પામ્યા અને અનેક પ્રકારના વૃત આદર્યા. સેંકડો શ્રાવક જનોના સમુદાયથી શ્રી લીંમડીની ભવ્ય રચના બની અને અનેક પ્રકારના ધર્મવૃતો આદરીને શ્રી જૈન લોકોએ એક માસ અતિ આનંદ ઉત્સવ ભેર ગુજાર્યો. તે દરમ્યાનમાં બહુ લ્હાણીઓ લ્હેવાણી, ચોથા વૃત વિગેરેની બાધાઓ લેવાણી અને બીજા ઘણા ધર્મ લાભ સધાયા. શ્રી વીરમગામ વાસી ધોરીધર સાધર્મિ શા. ઠાકર છગને તથા ઘેરાજી અને જેતપુરના સંઘવીઓએ પુણ્યના કામમાં સારો પૈસો ખરચ્યો ને જન ધર્મનો બહુ મહિમા વધાર્યો.

શી આજની ઘડિ, આનંદની ઘણી, દીપચંદજી મુનીને વાંદવાતણી
દિપચંદજી મુનીવર મોટા, દુનિઆમાં દેખાય;
પ્રતાપવંતા પીથુમંદપુરીની, પાઠ ઉપર પેખાય. શી૦
પરમ પુરૂષ દીપચંદજી કેરા, તપનો નાવે પાર;
સાર વગરનો છોડી દીધો, શીશુ વયમાં સંસાર. શી૦
ભાત ભાતની ભાષા ભણી, ભાષાનો લીધો ભેદ;
ખચીત ખટરસને ખટ રીપુ, ઉપર રાખે ખેદ. શી૦
કર્મ ત્યાગ કરવાને કારણ, ધરે ધર્મનું ધ્યાન,
કૃપા કરી કોટિ શ્રાવકનું, કરતા નિત્ય કલ્યાણ. શી૦
દયા તણો દિપચંદજી દરિયો, ક્ષમા તણી છે ખાણ;
જ્ઞાન ધર્મમાં બહુ ગળેલા, ગંભીરને ગુણવાન. શી૦
દેવકરણજી, જીવણજી, લાધાજી સ્વામિ જાણ;
મોટા તપથી મુલક બધામાં, મોટું પામે માન. શી૦
મેઘરાજજી મુનીવર મોટા, સંઘજી સ્વામિ સાર;
ધર્મ સાધવામાં ધોરાને, તપમાં બહુ તૈયાર. શી૦
એ આદી મુનીવર અહિંઆંના, નિર્મળ રાખે નેમ;
શ્રી સાધુના લખી શકું હું, કલમ થકી તપ કેમ. શી૦
જે મુનીવર સાધુને જોતાં, અઘ ટળી જાય અપાર;
ભવાનીશંકર એવા મુનીને, વંદે વારમવાર. શી૦

---

શ્રી દીપચંદજી મુનીશ્રીને વાંદીને જૈનભાઇઓ બહુ હર્ષ પામ્યા, અને મહા મુનીશ્રીના ગુણના તવનો ગાઇને ગગન ગજા

વી મુક્યું. શ્રી જૈન ધર્મના સજ્જન પુરૂષોનો સમુદાય સંવત ૧૯૪૧ ના ચૈત્ર વદી ૭ ને વાર રવિવારે શ્રી સ્થાનક મધ્યે એકઠો થયો. અને દેશ પરદેશથી પધારેલા શ્રાવકજનો તરફથી બહુ બહુ પ્રશંસાપત્રો વાંચવામાં આવ્યા. તેમાં શ્રી લીંબડી નિવાશી જોતિર્વિંદ છગનલાલ ગોર્વીદજી ભટે સંસ્કૃત કાવ્યમાં અને ગોધાવી વાશી સાધર્મી ભાઇ શા. દલસુખ વનમાળીદાસે તથા બીજા સાધરમી ભાઇઓએ કવિતા વિગરે વાંચીને સંભાષણો કરીને સર્વ જૈન સમુદાયને પ્રસન્ન કર્યા. આ વખતે શ્રી જૈન ભાઇઓના મુખપર આનંદ છવાઇ રહ્યો હતો અને મહામુનિ શ્રી દીપચંદજી સ્વામિ સહીત એકત્રીસ સાધુઓના દરશન લાભવડે બહુ શ્રાવકોને ધર્મ લાભ થયો. શ્રી લીંબડીનાસંઘે દેશ પરદેશથી પધારેલા સાધરમી ભાઇઓને બહુ દીવસ રાખીને સારૂં સન્માનકીધું અને જયકાર વરતાવ્યો.

સંતવ ૧૯૪૨ ના કારતીક વદી ૫ ને ગુરૂવારને રોજ કચ્છ મુંદ્રા નીવાસી ખીમરાજ પદમશી, શ્રી પીચુમંદપુરીમાં દીક્ષા ધારણ કરીને પુજ્યશ્રી દીપચંદજી સ્વામીના શિષ્ય થયા' તેમની માતુશ્રી હાંસબાઇ તથા બંને જેષ્ટ બંધુઓ અને સહ કુટુંબ દીક્ષા ઊત્સવમાં ભાગ લેવાને આવ્યાં હતાં, તેથી દીક્ષા ઉત્સવમાં વધારો થયો હતો. તેજ દીવસે બીજો દીક્ષાઉત્સવ શ્રી વઢવાણ કાંપમાં બડી ધામ ધુમથી થયો.

શ્રી ધોરાજીવાશી કરશનજી, વૈરાગ્ય જ્ઞાનથી દિક્ષા ધારણ કરીને પુજ્ય શ્રી મંગળજી સ્વામિના શીષ્ય થયા. એ સમયે શ્રી

લીંબડીવાસી જીવણ કાળીદાસ વહોરાએ સેંકડો શ્રાવકોની ઠઠ વચ્ચે સારૂં ભાષણ કરીને શ્રાવકોને ધર્મબોધ દીધો હતો.

મહા મુનીશ્રી દેવકરણજી સ્વામિએ સંવત ૧૯૪૧ના શ્રાવણ સુદિ ૨ ને રોજે શ્રી લીંબડીમાં દેવલોક થયા હતા.

## લાવણી.

દેવકરણજી મુનિ દેવાંશી દયાનો દરીઓ,
સેવ્યા જેણે સદ ગુરૂ તે ભવ નીધી તરીઓ;
દુનીઆમાં દેવકરણજીની થશે ન દામી,
દેવ શરણ થયા શ્રી દેવકરણજી સ્વામી. ૧

બુદ્ધ ગુરૂ એ જ્ઞાનની ખાણ, જગતમાં જાણો,
મોટું ગુરૂને દઇ માન, મુક્તી સુખ માણો;
પરમારથપર ધરી પ્રીત, પરમ પદ પામી,
દેવ શરણ થયા શ્રી દેવકરણજી સ્વામી.

ગુરૂ વિના મળે નહીં જ્ઞાન, ધર્મનું ધારો;
અતિ ટળે નહિ અજ્ઞાન, ઉરનું યારો;
નકી થયા જગતમાં દેવકરણજી નામી.
દેવ શરણ થયા શ્રી દેવકરણજી સ્વામી.

સિદ્ધાંત વાણીમાં સરસ સરસ ગુણ સાગર.
સમતાવંતાને શિતળ સ્વભાવ સુધાકર;
નાગાંકિત તપ વૃત વિષે, નકી નીષ્કામી;
દેવ શરણ થયા શ્રી દેવકરણજી સ્વામી. ૪

દેવ કરણજી દયા નિધાન, ધર્મના ધારણ,

વળી હતા બહુ વિદ્વાન, તરણને તારણ;
જીવાણુના ગુરૂની જળહળ કિર્તિ જામી,
દેવ શરણ થયા શ્રી દેવકરણજી સ્વામી. ૫

# ज्ञान वैराग्य विषे स्फुट कविताओ.

## उपदेशी.

### લાવણી.

સુ ગુરૂ બડાહે ઊપગારી, (૨)
દેવ ગુરૂ શુદ્ધ ધર્મ બતાવે શિખ દેત સારી.
પંચેદ્રી નિરોગ દેહ હોઇ (૨)
આર્ય ખેત્ર ઉત્તમ કુળ મળિયો આયુ દીર્ઘ જોઇ.
મનુષ્ય ભવ દુર્લભયો પામી, [૨]
ઇહ અવસરમેં સુકૃત કરતાં મત રાખો ખામી.
સેવો તમે સુગુરૂકા ચરણા (૨)
અમરાપુરિ કો પંથ સદા શ્રી જન ધર્મ કરણા. ૧
મેરા મેરા કરે જગમેં ઘેલા, [૨]
માત પિતા સુત ભ્રાત ત્રીયા સ્નેહી હુયા ભેલા;
સબે જુગ સ્વાર્થને દાવે, (૨)
સ્વાર્થ ન સરે તબહિ સજજન કોય ન બતલાવે;
કુટુંબ કાજ માયા તેં જોડી, (૨)

પાપ કરીને પરભવે જીવે પાયા દુખ કોડી;
ધર્મ બીન કોય નહીં શરણા. (૨) અમરાપુરી. (૨)
જાણે તું ધન સંપત મેરી, (૨)
ગાગ નગર પુર પાટણ દેશ વિલાયત ઘર શેરી;
રથ હય હાથી સૈન્યા મેલી; (૨)
પીણ પાયક અરૂ રાજ્ય રદ્ધિ રતિ ન ચલે બેલી;
વાસુદેવ ચક્રી ઈંદ્ર જેહવા, [૨]
દેવ દાનવ માનવ ધન પામી છંડી ગયા તેવા;
જીવ આગ લોગ પરાહુરણા [૨] અમરાપુરી. ૩
મિથ્યાત્મા હીમત રાચ્યો; (૨)
કુગુરૂ કુદેવ કુધર્મ તજીને જન મત જાણો સાચો
શ્રધ્ધા બિન અનંત કાળ ભટકયો; [૨]
દ્રવ્ય શંજમ સુધીવે કપાયો ફેર નિચો પટકયો;
સમકિતસેં સંજમ ગુણ ભાવે, [૨]
સંજમ સેવે જનગ મરણ દુખ કર્મ પરા જાવે;
સમકીત ગુણ આત્મામેં ભરણા; (૨) અમરાપુરી૦ ૪
હિંસ્યા સગ દુઃખનકી ખાણી, (૨)
હિંસ્યાહીથી પાવે પ્રાણી નર્કકિ ઠાણી;
હિંસ્યા સમ અનર્થ નહીં જગમેં, (૨)
સબ જંતુને વલભ જીવન ઇમ ધારી મનમેં;
દયા સમ અવર નહી કરણી, (૨)
ભવસાગર તારે વા ભવ્યને એક ઉત્તમ તરણી;

દયાસેં ભવસાગર તરણા; (૨) અમરાપુરી० ૫
સંતોષ કર તૃષ્ણા મે ગાળી, (૨)
તૃષ્ણા અનંતી એક જીવને ન ટળે ટાળી.
સહુ જગ તૃષ્ણાએ વ્યાપ્યો, (૨)
ધન કંપીલ મુની કેવલ પાયો સંતોષ ચિત થાપ્યો;
સંતોષી સુખીયાહી બાજે, (૨)
બહુલા જીવ દુઃખીયા ચિહુ ગતમેં વિષય સુખ કાજે;
સંતોષસે ચિહુગત દુઃખ ખરણા, (૨) અમરાપુરી० ૬
ક્ષમા ક્રોધ ટાળીને ધરજો, (૨)
વેર વિરોધ દુશમન સબ જાયે સમતા ગુણ વરજો;
ગજસુકુમાલ ક્ષમા કીની, (૨)
સમ પરીણામે પરીસહ ખમીને સિદ્ધપુરી લીની;
રાજા પરદેશીધન કહીએ, (૨)
સ્વર્ગ પામ્યા ક્ષમાએ એકહીં અવતારી લહીએ;
ક્ષમા સું સબ દુઃખ ટળણા, (૨) અમરાપુરી० ૭
દાનથેં દાળીદ્રપણું જાયે, (૨)
સુખ સંપદની ક્રોડ મીલે વળી જશ કીરતી થાયે;
દાનથેં વ્યાધી નહી આવે, (૨)
શુભ પરીણામે સુપાત્ર દીયાથી ભવ છેડો પાવે;
શેઠાણી રત્ન કંબલ દીનો, (૨)
મારૂદેવા હુઇને મુક્તે પહોચી મુક્તિ સુખ કીનો;
દાનથેં ભવમેં નહી ફરણા, (૨) અમરાપુરી० ૮

શિવ વૃત સબ વૃતમેં મોટો, (૨)
ઊદધી માંહી જેમ સયંભુ રમણ નહીં છોટો;
દાનમાં અભય દાન દાખ્યો, (૨)
મુનીવર કેવળી પ્રખદામાંહી જનવરજી ભાખ્યો;
શીલ સર્વે સંકટ ટાળે, (૨)
ધન ધન તે નર નારીજીકો શીલકુ પાલે;
શીલથેં શીવ રમણી વરણા, (૨) અમરાપુરી૦ ૯
તપસ્યા સુલભ નહીં કરવી,
કર્મરૂપ વન બાળે વાને પાવક સમ ગણવી;
તપહીસું વંછીત ફળ લાયો, (૨)
દ્રઢ પ્રહારી અરજુન માળી તપથેં શીવ પાયો;
મુનીસર ધનો ગુણે પુરા, (૨)
વિરે વખાણ્યા દુકરતપ કરી હુવા અનુંતર શુરા;
તપહીસું કર્મ દુર ઝરણાં, (૨) અમરાપુરી૦ ૧૦
ભાવ હે સમ ગુન મેં સારો, (૨)
દાન શીલ તપ સંજમ સેવન ભાવે ભવપારો;
ભાવ બીન સબ વ્રત હે ફીકો (૨)
ભાવે ચક્રી ભરતે સરજી પાયો કેવલ નીકો.
ભાવ હે મુક્તી કો દાતા, (૨)
હસ્તી બેઠા કેવળ પાયો મરૂદેવી માતા;
સદા શુભ ભાવ ચિત ધરણા. (૨) અમરાપુરી૦ ૧૧
જનેશ્વર વાણીએ ધારો; (૨)

આળસ નિંદ્રા વીકથા તજીને મમતા દુર કારો;
ધર્મ દુલભ હે ચૈત નદુ, (૨)
ગુરૂભક્તી જીનાજ્ઞા સેવી પાવન કરત તનકું;
કાળ જબ લગ નહિ આયો, (૨)
તબલગ દયા ધર્મ આરાધી નીશ્ચળ પદ જાયો,
ઇના બીદ્ય મીટે જનમ મરણા. (૨) અમરાપુરી૦ ૧૨
શશી નગ ગજ નયન લીધો, (૨)
સંવત માસ આશ્વિન પક્ષ કીશન વીધુ વાસર સિધો.
યોગ શિવ તીથી પંચમી ઠાઇ, (૨)
નક્ષત્ર મૃગશાર ટંકશાળી આ લાવણી ગાઇ;
પીચુમંદાભીધપુરી માંહે. (૨)
અમરાભીધજી રૂષી પુજ્ય પ્રતાપે ભાખે ઉછાહે;
મેરા મન સિધ્ધ પદમેં ઠરણા; (૨) અમરાપુરી૦ ૧૩

———०⁂०———

## પદ

"કુબજા શું તપ કીધુંરે, ઓધાજી એવું" (એ રાગ)
જાય છે જગત ચાલ્યુંરે, આ જીવ જોને. ટેક
જોને તું પાટણ જેવાં, સારાં હતાં શહેર કેવાં;
આજતો ઉજડ એવાંરે, આ જીવ જોને.
વળી સીદ્ધપુર વાળો, મોટો જોને રૂદ્ર માળો;
રહ્યો નહિ તે રૂપાળોરે, આજીવ જોને.
રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા;

કાળે તેની પડી કાયારે, ઓ જીવ જોને.
છત્રે જેને છાંયા થતી રૂડી જેની હતી રતી;
ક્યાં ગયા ક્રોડ પતીરે, ઓ જીવ જોને;
જરી જો આજારી થતા, હાજર હકીમ હતા;
તેના તો ન લાગે પત્તારે, ઓ જીવ જોને.
કોઇતો કહેવાતા કેવા, આભના આધાર જેવા;
ઉડી ગયા એવા એવારે, ઓ જીવ જોને.
જુવાનીમાં જતા જોઇ, રાખી નહિ શક્યા કોઇ;
રહ્યાં સર્વે સગાં રોઇરે, ઓ જીવ જોને.
હાજર હજારો રહેતા, ખમા ખમા ખમા કહેતા;
વિશ્વમાંથી ગયા વેહેતારે, ઓ જીવ જોને.
મુઆ જન જેની સાથે, હેતથી પોતાને હાથે;
મરણ ન મટયું માથેરે, ઓ જીવ જોને.
જશ લીધો શત્રૂ જીતી, નવીન ચલાવી નીતિ;
વેળા તેની ગઇ વીતીરે, ઓ જીવ જોને.
જગતમાં ખુબ જામ્યા, વેર વાળીને વિરામ્યા;
પણ તે મરણ પામ્યારે, ઓ જીવ જોને
નેક નામદાર નામે, ઠર્યા જઇ સ્મશાન ઠામે;
દીઠા દલપતરામેરે, ઓ જીવ જોને

(૨)

ચેતેતો ચેતાવું તનેરે, પામર પ્રાણિ. ટેક
સજી ઘર બાર સારૂં, મિથ્યા કહેછે મારૂં મારૂં;

તેમાં નથી કશું તારૂંરે, પામર પ્રાણી.
તારે હાથે વવરાશે, તેટલુંજ તારૂં થાશે;
બીજું તો બીજાને જાશેરે, પામર પ્રાણિ.
માંખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું.
લુંટનારે લુંટી લીધુંરે, પામર પ્રાણિ.
ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જવું ચાલી;
કરે માથાકુટ ખાલીરે, પામર પ્રાણી.
શાહુકારીમાં સવાયો, લખોપતિ તું લખાયો;
કહે સાચું શું કમાયોરે, પામર પ્રાણિ.
આવે તારે સાથે એવો, કમાયો તું માલ કેવો;
એવોજ તપાશ તેવોરે, પામર પ્રાણિ.
હવે નરતનુ દીધી, તેં તો ન કિંમત કીધી;
માણી માટે મશા લીધીરે, પામર પ્રાણી.
ખોળામાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું;
જાણપણું તારૂં જોરૂંરે, પામર પ્રાણિ.
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
તારી મુડી થશે તાજીરે, પામર પ્રાણિ.
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે;
કશું ન કરી શકાશેરે, પામર પ્રાણિ.
મનનો વિચાર તારા, મનમાં રહી જનારા;
વળતી ન આવે વારારે, પામર પ્રાણિ.
નિસર્યો જ્યાં શરીરથી, પછી તું માલેક નથી;

દલપતે દીધું કથીરે, પામર પ્રાણી.

## ૪૬

[રાગ ધીરાનો]

આ તન રંગ પતંગીરે, ચળકતી ઉડી જશે ચટકી,
સગાં સહોદર સંગીરે, પાછળ જશે તને પટકી. આ૦ ટેક
કાચી માટી તણો કુંભ આ કાચો, તંતુના બાંધેલ તાર;
કશળી એક કુંભાર કળાતો, કારીગરી કરનાર,
પેસતાં અંદર પાણીરે, મુરખ ગળી જશે મટકી. આ૦
ઘટમાળાથી ઘાટ ઘડિને, ઘડિ કરી ઘડિઆળ;
ગમતા યંત્ર અનુંક્રમે ગોઠવી; ચક્રથી ચાલતી ચાલ;
કુદરતિ કળતો કટાતાંરે, અચાનક ગતિ જશે અટકી. આ૦
કાચ બિલોર તણો તન કુંપો, પડી જતાં પરમાણ;
ફુટ કરી અફળાઇને ફુટતાં, હરદંમ બનશે હાણ;
સાંધતાં નવ સંધાસેરે; કાચ બિલોરની કટકી. આ૦
કાયાવાડી ફળતી કરમાઇ, વીખરાતાં શી વાર;
આગ કરૂરતણાં જતાં કરમાં, લાગ મળે ન લગાર;
પંજામાં બિલાડીએ પકડીરે, છંછુદર જશે નહી છટકી. આ૦
પાણી તણો પીંડ આ પરપોટો, મુરખ મીથ્યા માન,
ઝાકળ નીર સમો ઝરી જાશે, પંથ પળાશે પ્રાણ,
વાંસે ઉડશો વાનીરે, ભવાની ભમીશ પછી ભટકી, આ૦

# जीव कायानो विजोग.

(લાવણી)

રૂમ ઝુમ રૂમ ઝુમ નિકળી ભિલડી, તપ છોડાવા કારણજી
(એ રાગ)

બાંધી કમરને હંશ ચાલીયો, કાયા નગરી કયમ છોડી;
મૃત્યુ લોકના હુવા સંગાથી, આપણ આવ્યા દો જોડી;
કાયા સુંદરી રૂવે રૂદન ભર, અબળા અમે ટળવળીએ,
વનરાવન મુકી એકલાં, મશાણ ભુમિકા પરજળીએ,
રહોને હંશા રહોને પવના, રહોને આજની રાતડીયાં;
આપના દીલકી કહુ વીનતી, સુણ લે હંશા બાતડીયાં બાંધી૦ ૩
તારેને મારે જુની પ્રિતડી, રહેતી તમારે આસરીએ;
નિરાધાર કરછોડ ચલે હંશા, ખોટી પ્રિત જળ હંશ રહે, બાં૦ ૪
મેં સમજિ તુમ સાથલે ચલે; અધવીચ મેલ્યા અંતરીએ;
ખોટા સંગકી કરી પ્રીતડી હવે વિચારી શું કરીએ. બાંધી૦ ૪
રાખી રખોપાં ટોળાં પાણીડાં, ઉજડ કરીયાં ગામડીયાં;
જીન શરણ રહી દાશ "જીવણ" કહે, ફેર બીછાવ્યા ગામડીઆં.
બાંધી કમરને હંશ હાલીઓ; કાયાનગરી કેમ છોડી. ૬

---

ત્રણસેં ને સાઠ રસોયા, નિત્ય મશાલા થાય;
ધણી પહોચ્યા * સાતમીએતો, કોણ ખવરાવા જાય!

---

* સાતમા નર્કમાં.

## ૫૬.

શેઠ સગાળશા સાધુને સેવે વાણીઆ પાળે વ્રત. (એ દેશી)
સંઘાડાની શોભા સારીરે, જુવો તમે નર ને નારિરે.
સરસ્વતી માતને શિશ નમાવી કરગરી કહું કરજોડ,
અલ્પ બુદ્ધિએ મુની ગુણ ગાઉછું, કોઇ ન દેશો ખોડ. સંઘા૦ ૧
સોરઠ દેશ તણે સીમાડે, લાખેણું લીંબડી ગામ;
સંઘાડો પુજ્ય અજરામરજીનો, જગતમાં વાધ્યું નામ. સંઘા૦ ૨
મહા મુનીવર માહા ગુણવંતા, પંડીતને કવિરાજ;
સૂત્ર સિદ્ધાંતને વ્યાકરણ વાણિએ; અર્થ કરે માહારાજ. સંઘા૦ ૩
દીપકસમ દીપચંદજી દીપે, સંઘાડાના સરદાર;
મોહનગારીવાણી મધુરી, સુત્રનો જાણે સાર. સંઘા૦ ૪
સંસ્કૃત વાણિને વ્યાકરણ ભણીયા, જ્ઞાન તણો નહીં પાર;
જે ભવિક જીવ ગયા એને શરણે, તેને કરે ઉપકાર. સંઘા૦ ૫
જગતમાં જશ જીવણજી ફેલ્યો, સમતામાં ભરપુર;
બાળપણામાં હુવા વ્રતધારી, ક્રોધ કખાય કરી દુર સંઘા૦ ૬
લોગ તજી લાધાજી સ્વામી, લીધો છે સંજમ ભાર;
ભવ્ય જીવોને તારવા તેતો, કરતા ઘણો ઉપકાર સંઘા૦ ૭
મેઘ સમાન મેઘરાજજી સ્વામી; સંઘજી સ્વાગી સાર;
ગોરધનજી ને રંગજી સ્વામી, વાણી છે જેની રસાળ. સંઘા૦ ૮
દયાવંત દેવચંદજી શોભે, રૂઘનાથજી મુનીરાય;
લવજી સ્વામીને ઉત્તમચંદજી, અરીહંતના ગુણ ગાય. સંઘા૦ ૯
મોનજી સ્વામીને લાધાજી મુનીવર, વૈરાગમાં ભરપુર;

આસકરણને માણેકચંદજી, શોભે અતિશે નુર. સંઘા૦ ૧૦
જેઠમલજી રૂષી છે ગુણવંતા, તપસી કસ્તુરચંદ જાણ;
ગંગળજીને હરખજી સ્વામી, ટાળ્યાંછે જેણે માન. સંઘા૦ ૧૧
વિવેકવંત વ્રજપાળજી સ્વામી, માણેકચંદ મુનીરાજ,
ગુલાબચંદને વીરજી સ્વામી, લાખેણી જેની લાજ. સંઘા૦ ૧૨
ચતુરપણું ચતુરજી કેરૂં, જીવણજી સુખકાર;
નાગજી સ્વામી નયણે નીરખતાં, હૈડું હરખેછે અપાર. સં ૧૩
લાધાજીમુની ઓઘડજી સ્વામી, દેવચંદ છે દયાળ;
ખીમરાજજીને દરસનજી મુની, નીરમળ વાણી રસાળ. સં૦ ૧૪
એવા મુની એકવીસ અનોપમ, છે શુરવીરને ધીર;
સંજમ પાળે શુદ્ધ આચારે, સમતાએ સાગર નીર. સં૦ ૧૫
તરણ તારણછે મુની રાયા, છકાયના રખવાળ;
સતર ભેદે સંજમ પાળે, કરૂણાવંત કૃપાળ. સં૦ ૧૬
કામ ક્રોધ માન માયા તજીઓ, તજ્યાછે રાગને રીસ;
અરજ કરૂં છું બે કર જોડી, વંદુ નમાવીને શીશ; સં૦ ૧૭
રાજનગર સારંગપુર મધે, તળીઆની પોળ મોઝાર;
ચુનીલાલ કહે ચીત રાખોને, વિનવું વારંવાર. સં૦ ૧૮

૦ઃ

ખાતાં પીતાં મોક્ષ મળેતો, હમકું કહેના,
માથાસેં મોક્ષ મીલે તો, ચુપ રહેના.

•ઃ

આંધળો સસરોને બ્હેરી વહુ,

કથા સાંભળવાને ચાલ્યા સહુ,
કથા કહેનારના એવા બોલ,
જાણે ઉજડ ગામમાં વાગ્યા ઢોલ.
કહ્યું કાંઇકને સમજ્યા કશું.
અખો કહે આંખનું ઓશડ કાને ઘસ્યું ! !

૦ ૦ ૦

જયાં દેખું ત્યાં કુડેકુડ; સામ સામા બેઠા ઘુડેઘુડ;
કોઇ વાત સુરજની કરે, ત્યારે ચાંચ આડી ધરે.
હજાર વર્ષ અમને વહી ગયાં, નાનાં બચડાં ડાહ્યાં થયાં,
કહે અખો ઝઘડો એ જાણ, મેલી હીરો ઉપાડે પાણ.

શ્રોતા જન સાંભળવા ગયા,
આંખો મીચીને ઉંઘી ગયા;
છતા કાન પણ નાવ્યા કાજ;
જાણે અંધને દીધું રાજ,
ઠામ ઠામના શ્રોતા મળ્યા,
જાણે તલ કોદરામાં ભળ્યા,
તેની ઘેંશ પ્રાણી નવ સોય;
અખો એવું અચરજ જોય!

# अगाउथी आश्रय आपनार ग्राहकोनां नाम.

રાજકોટ.

૪૦ રા. રા. મોતીચંદ તુળશીભાઈ રુવસ્થાન રાજકોટ મુખ્ય કારભારી સાહેબ.

મોરબી

૫૦ મોરબી સ્થાનકખાતે-શેઠ. ત્રાલચંદભાઇ જીવરાજ મારફત.

પાલણપુર.

૨૦ રા. રા. પીતાંબરભાઇ હાથીભાઈ

ખંભાત.

૩૦ લાલચંદ વખતચંદ મારફત
૨ લાલચંદ વખતચંદ
૨ શા૦ રતનચંદ ગણેશજી.
૨ શા૦ પોપટભાઈ વખતચંદ
૧ શા૦ માણેકચંદ ફતેચંદ
૧ શા૦ દેવચંદ ખુશાલદાસ
૧ શા૦ રતનચંદ કેસવજી
૧ શા૦ માણેકચંદ સરૂપચંદ
૧ શા૦ વખતચંદ લક્ષ્મીચંદ
૧ શા૦ રતનચંદ ફુલચંદ
૧ શા૦ રતનચંદ મોતીચંદ
૧ શા૦ મલુકચંદ હીરાચંદ
૧ છગનલાલ અવલચંદ
૧ શા૦ પાનાચંદ મોતીચંદ
૧ શા૦ મુળચંદ છગનલાલ
૧ શા૦ ગુલાબચંદ જોઈતા
૧ ભાવસાર હરખા મોતી
૧ શા૦ નગીનદાસ રાવભાઈ
૧ શા૦ કાળીદાસ કસળચંદ
૧ શા૦ તારાચંદ જોઈતા
૧ શા૦ પાનાચંદ લક્ષ્મીચંદ
૧ શા૦ છોટાલાલ કસલચંદ
૧ શા. દોલતભાઈ ભાણાભાઇ
૧ શા૦ કાલીદાસ દીપચંદ
૧ શા૦ મગનલાલ રતનચંદ
૧ શા૦ છોટાલાલ મોતીચંદ
૧ શા૦ અનુપચંદ માણેકચંદ
૧ શા૦ ગુલાબચંદ નેમચંદ

સુરત.

૨૫ ભાવસાર સોમચંદ લાધા મારફત
૫ ભા૦ સોમચંદલાધાભાઈ
૫ ભા૦ અમીચંદ ભગવાન
૫ ઝવેરી. ફતેભાઈ હીરાચંદ.

ગોપીપરા

૨ ઝવેરી મંછુભાઈ દીપચંદ
૨ ભ. કપુરચંદ બેચરદાસ

૨ ભ. નાગરદાસ રૂગનાથ
૨ ભ. અમીચંદ કેશવજી
૨ ભ. માણેકચંદ તુલજારામ

કઠોર

૧૫ ભાવસાર હર જીવનદાસ હેમરાજ મારફત
૮ ભ, હરજીવનદાસ હેમરાજ
૭ ભ. પરશોતમદાસ દેવચંદ

જુનાગઢ

૧૦ એકશી ડોસાભાઇ નાથાભાઈ મારફત
૨૦ વીરજી. પરસોતમ, હરજીવન
૫ એકશી પુરશોતમ વીરજી મારફત
૫ એ૦ નાથા ધેલાભાઈ

માંડવી.

૨૭ મેતા મેઘજી દેવચંદ મા૦
૧૫ મેતા મેઘજી દેવચંદ
૨ સંઘવી ખીમરાજ મુલચંદ
૨ શા હાથી ગાંગજી
૨ શા મેઘજી વીરચંદ
૫ મેતા કાળા કાનજી
૧ મો૦ સુંદરજી લાધાણી

કંઢારણા.

૧૦ માસ્તર નંદલાલ મહાવજી મારફત
૨ શા. નંદલાલ મહાવજી
૨ શા. દોલતરામ મેઘજી
૨ શા. વસંનજી નંદલાલ
૨ ખત્રી જાદવજી મેઘજી
૨ પ્રા. કઢવા સામજી વેકરીના
૨ વકીલ દલપતરામ મોરારજી
૫ વકીલ ગોવરધન રાઘવજી
૩ મા. મેઘજી માવજી

રાપર

૧૧ મી૦ ખીમચંદ પાનાચંદ મા
૧ ખીમચંદ પાનાચંદ
૧ મી૦ જિવરાજ નીમીદાસ
૧ મી૦ ચત્રભુજ કુંવરાજ
૧ મી૦ જેચંદ ગોકળ
૧ મી૦ જિવા ચાંપશી
૧ મી. વેલસી છાડલ
૧ દોસી સરચંદ ખીમશી
૧ મી. લાલચંદ ઝવેર
૧ મી. જીવરાજ કરમચંદ
૧ મી૦ નાનચંદ મેરાજ
૧ મી૦ થાવર અમરત

સાયલા.

૬ રા૦ સુખલાલ ભાણજી મા૦
૧ રા૦ સુખલાલ ભાણજી
૧ ગાંધી સુખલાલ ગોકળ
૧ ભ૦ નાગર મહાદેવ
૧ ગાંધી કસતુર નારણ
૧ ભ૦ દેવચંદ પુરષોતમ
૧ ભ૦ ગોવિંદજી કાલુ
૫ શા૦ હરજીવન વલભ મારફત
૧ શા૦ હરજીવન વલભ
૧ શા૦ વરજલાલ ખીમચંદ
૧ ગો૦ નારણ સુંદરજિ

૧ ગો૦ તલકશી ડાહ્યા
૧ કોઠારી દેવચંદ હંસરાજ
૮ શા૦ કેશવલાલ કાળીદાસ મા
રફત
૨ શા૦ કેશવલાલ કાળીદાસ
૧ શા૦ નારણ સુંદરજિ
૧ ભા૦ ગોવરદાસ રવજિ
૧ શા૦ વરજલાલ ભુદર
૧ શા૦ નાગર મહેરા
૧ શા૦ ઉમેદ સેમચંદ
૧ શા૦ ત્રીકમ કાલુભાઈ
વળા.
૫ ભાઈ છગનલાલ ટોકર
ટોકર
૭ શા૦ જિવણ ઉકાભાઈ મારફત
૨ શા૦ જિવણ ઉકાભાઈ
૨ સ્થાનક ખાતે
૨ મેતા વર્ધમાન રતનશી
૧ મેતા ગંગારામ હંસરાજ
બળંભા.
૩ શા૦ ગોકળ નાનજિ મારફત
૨ શા૦ ગોકળ નાનજિ
૧ શા૦ વીરજિ લાલચંદ
ધોલેરા.
૨૦ શેઠ ત્રંબકલાલ સુંદરજી
મારફત
૫ શેઠ ત્રંબકલાલ સુંદરજી
૪ શ્રી સ્થાનક ખાતે.
૧ શેઠ શીવલાલ સુંદરજી
૧ શેઠ૦ ચત્રભુજ ધારશી

૧ શા૦ કચરા કાળીદાસ
૧ શા૦ ખોડીદાસ અખજિ
૨ શા૦ પીતાંબર ભગવાન
૧ શા૦ આતમ તળકશી
૧ શેઠ૦ અમુલક લહેરા
૧ શા૦ દુલભજિ સુંદરજિ
૧ શા૦ શીવલાલ કેશવજી
૧ શા૦ જેચંદ હીરાચંદ
રાણપુર.
૫ શા૦ ગુલાબચંદ જેસંગ મા
રફત.
૧ શા૦ ગુલાબચંદ જેસંગ
૨ શા૦ લધુ તેજા
૨ શા૦ નારણ સંઘજી
ચણાકુ.
૧૦ રૂપાણી લાલજી દેવા માર
ફત.
૨ રૂપાણી લાલજી દેવા
૨ રૂપાણી લખમીચંદ લાલજી
૨ રૂપાણી અજરામર લાલજી
૨ રૂપાણી ખોધા દેવા
૨ રૂપાણી પુંજા જાદવજી
સરધાર.
૯ કોઠારી પાનાચંદ કરમચંદ
મારફત.
૧ કો૦ પાનાચંદ કરમચંદ
૧ મે. ગોપાળજી અજરામર
૧ ગાંધી તલશી થાવર
૧ વોરા હરખચંદ જેતશી
૧ શા૦ પ્રાગજી મુળજી

१ शा० चत्रभुज दामोदर
१ शा० धारशी बेचर
१ गांधी लख्मीचंद सुंदरजी
१ मोठी सुरचंद वीरजी
लाकडीया.
९ मा० कपुरचंद हीराचंद मारफत.
२ मा० कपुरचंद हीराचंद
१ वोरा दुर्लभजी प्रागजी
२ दोसी प्रेमचंद सेमचंद
१ मा० जीवण दानसंग
२ मा० रुपासा पंचाण
१ मा० हकमचंद मलुकचंद
वणा.
५ शा० जीवण जेराज मारफत
१ शा० जीवण जेराज
१ दोशी वीरपाल प्रेमचंद
१ भावसार देवचंद केसवजी
१ शा० गोबर पुरुषोतम
१ मोची नरसा हरजी
धांगलपुर.
२६ शा० मुळजी हरखा मारफत
८ शा० मुळजी हरखा
५ शा० बेचर देवा
२ शा० हीरा मोरार
२ शा० धर्मशी गोरधन
२ शा० हंसराज हकुभाइ
१ शा० कानजी नका
१ शा० धारशी भाणजी
१ शा० लहेराचंद नानचंद
१ शा० हरजीवन मोती
३ शा० लख्मीचंद लवजी
पोरबंदर.
६ शे०. चत्रभुज देवकरणनी मारफते
४ श्री गोपाळजी वर्धमान
१ शा० मनमोवनदास मुळचंद
१ शा० देवकरण मुळचंद
गोधावी.
२१ शा०. दलसुख वनमाळीदास मारफते
५ शा० दलसुख वनमाळीदास
५ शा० वनमाळीदास उमेद
५ शा० उमेदचंद डाया
२ शा० डाह्या पुंजा
२ शा० नथु जेठा
२ शा० आशाराम कस्तुर
अंजार.
८ शा० करमचंद धर्मशी मारफत
२ शा० करमचंद धरमशी
२ शा० माधवजि जेराज
२ मा० मोणसी रुपशी
२ दोसी मुळजि लालजी
ववाणीया.
४ वोरा भीमजि जेशंग मारफत
१ वोरा भीमजि जेसंग
१ मेता पानाचंद वेलजी
१ वोरा गोपाळजि ताराचंद
१ देशाइ रायचंद मुलजी

ખીસખા.

૧૦ શા૦ વાલજિ પુંજા મારફત

૧ શા૦ વાલાજી પુંજા
૧ શા૦ ગોકળ પુંજા
૧ શા૦ વાલજિ ડાહ્યા
૧ મા૦ માવજિ જેરીંગ
૧ શા૦ ભીમજિ અમરશી
૧ શા૦ ખેચર ગોપાળજિ
૧ શા૦ ધારશી અમરશી
૧ શા૦ દેવચંદ તોગીખપા
૧ દડીયા કાળા પુંજા

ગાંગડ,

૮ શા૦ શા૦ હીરાચંદ દેવજિ મારફત,

૫ શા૦ શા૦ હીરાચંદ દેવજી
૩ શા૦ ધારશી દામોદર

સરપદડ.

૧૦ શા૦ દામોદર વાલજિ મ.૦

૨ શા૦ દામોદર વાલજિ
૧ શા૦ અમરચંદ પુરૂષેતમ
૨ શા૦ હીરાચંદ મોનસી
૨ શા૦ તેજસી પુરૂષોતમ
૨ શા૦ નથુભાઈ સવજી
૧ ગાંધી તારાચંદભાઈ

પાણુસણા.

૨૧ શા૦ જિવણ સંવજિ માર.

જાંબુ.

૪ શા૦ ઉજમશી પીતાંબર માર.

૨ શા૦ ઉજમશી પીતાંબર
૧ વો. તારાચંદ સંગજી

૧ વોરા સુંદરજિ ઠાકરશી

બેરાદ.

૧૫ શા૦ નાનચંદ કેશવજિ મા.

૧ શા૦ નાનચંદ કેશવજિ
૧ શા૦ પરશોતમ તારાચંદ
૧ શા૦ ચત્રભુજ ઉજમશી
૧ ભાવશાર કશાળચંદ ફુંગ
૧ કોઠારી કલ્યાણજી જુઠા
૧ શેઠ વીઠલ પાનાચંદ
૧ દોશી માણેકચંદ કમળશી
૧ ગાંધી રતનચંદ અમરચંદ
૨ શેઠ૦ શ્રી હરીચંદ ડાહ્યા
૧ ગાંધી જીવણ અમરચાંદ
૧ મણીઆર મગનલાલ બાવા
૧ વોરા વેલશી વીરજી
૧ શેઠ પ્રેમચંદ રાયચાંદ
૧ શા૦ છગન ભુરા

ચુડા

૮ ગોસળીઆ નથુ ખીમજી મા

૧ ગોસાળીઆ નથુ ખીમજી
૨ શેઠ ઓઘડ જેચંદ
૧ ગાંધી મોતી નાથા
૧ દોસી સુખલાલ રાયચંદ
૧ ગાંધી મગન હરજી
૧ શેઠ પના માવજી
૧ શા બેહેચર અમરચંદ

નાગડકા

૫ ગોસળીઆ નથુ ખીમજી મા.

૧ ગોસાળીઆ હેમરાજ

૧ શા નાનજિ
૧ શા જાખા પુંજા
૧ શા ગોબર ખેતા
૧ શા હુકમચંદ વેલશી

ખંભાત

૨ મેહેતાજિ ઝવેર અબજિ મા.
૨ સ્થાનક ખાતે

વાઢીઆ.

૬ દેસાઈ મગનલાલ વિ. બાવા ભાઈ મારફત
૨ દે. મગનલાલ બાવાભાઈ
૨ શા. બેચર દેવકરણ
૨ શેઠ માણેકચંદ રતનશી

જોડીઆ.

૧૧ શા. માણેકચંદ રતનશી મા.
૧ શા. માણેકચંદ રતનશી
૩ કોઠારી કાલીદાસ વિ વેલજિ
૧ શા. હરખચંદ લાલજિ
૧ મે. જાદવજી વિ મુલજિ
૧ શા. પોપટ રામજિ
૧ શા. વલમજિ પંચાણ
૧ શા. ભગવાનજિ ચાંપશી
૧ મોદી દામોદર ડોસા
૧ દોશી પોપટ કરશનજિ

વેરાવળ.

૩ શા. રૂપચંદ શોભાગચંદ મા.
૩ શા. કેવળચંદ

મોરબી.

૫ શા. મગનલાલ ખીમચંદ મા.
૧ શા. મગનલાલ ખીમચંદ
૧ શા. તારાચંદ વીરજી
૧ શા. વેલશી ઝવેર
૧ શા. મોતીચંદ લવજી
૧ શા. દેવચંદ ડાહયા.

આમરણ

૩ મેતા. લવજી હંસરાજ.

વાંકાનેર

૧૧ શેઠ લખમીચંદ ચતુર મા
૧ શેઠ. લખમીચંદ વી. ચતુર
૪ જઈનશાળા ખાતે—શા. ભાઈચંદ મનજી મારફત
૧ શેઠ પાસવીર પરેમચંદ.
૧ સં. ભાયચંદ કાલીદાસ.
૧ ,, માનશંઘ અંદરજી
૧ શેઠ. હાકેમચંદ વીરપાલ
૧ ,, મોતીચંદ વીરપાલ

વઢવાણ શેહેર

૨ શા ઘેલા વાલજી મારફત.

મુંબાઈ

૫ શા કરસનજી પદમસી
૫ શા ધરમશી કરસનજી

રામ પર

૬ શા વલમ તળશી મારફત
૧ શા વલમ તળશી
૧ શા ગોકળ પીતાંબર
૧ શા નથુ દેવા
૧ ગણેશ ભીમ
૧ શા ગગલ નાગજી

૧ શા કુંવર દેવા.
વઢવાણ જંકશન
૧૧ શા હીરા પરશોતમ મા૦
૫ શા જીભોવંન મોરારજી
૧ શા મુલજિ માના
૧ દોશી ઠાકરશી દેવકરણ
૧ શા. હનુ નાગર
૧ શા ખીમચંદ પુરસોતમ
૧ શા વીરજિ જશરાજ
૧ શા ખીમા કાલુ
દીગસર
૨ શા પરેમચંદ ડોશા મારફત
૧ શા પરેમચંદ ડોશા
૧ શા લેહેરા લખમીચંદ
ધોરાજિ
૬ દોશી મુલજિ દામોદર મા૦
૨ શા નેમચંદ ખીમજિ
૧ મેતા જિવરાજ ધરમશી
૧ મેતા અમીચંદ ખીમજિ
૧ મેતા હરખચંદ જેઠા
૧ મેતા મુલજિ ખીમજિ
દેદાદર
૬ ગો ઉજમશી ભાયચંદ મા.
લખતર
૪ વે.હોરા શીવલાલ ચતુર મા.
જેતપર
૨૫ મે. ગોપાળજી ચત્રભુજ મા
૫ મેતા ગોપાળજી ચત્રભુજ
૫ રા. ભગવાનજી નરભેરામ
૧ મે. માનસંઘજી નરભેરામ
૨ ગાંધી. મોતીચંદ સંઘજી
૧૨ પ્રચુરણ ગ્રહસ્થોને માટે
ખરવાળા
૪ રા. સુંદરજી મોરારજી મા.
૨ રા. સુંદરજી મોરારજી
૨ રા. ઉજમશી મોરારજી
લીંબડી.
૨૦ સ્થાનકખાતે શેઠ. મોતીભાઈ
૧૬ રા. રા. ડોસાભાઈ ગોપાળ
જી લીબડીના મુનસફસાહેબ
૫ રા. ખીમચંદ લખાભાઈ
૫ રા. ઉજમશી વીરજી શંઘવી
૫ રા. ત્રીકમલાલ ન્હાનજીભાઈ
૫ રા. માવજી કરશનભાઈ
૨ રા. વરજલાલ જીવણભાઈ કા
૨ રા. છગનલાલ સુંદરજી
૨ શેઠ. હરજીવન કસ્તુરભાઈ
૨ રા. મગનલાલ જલુભાઈ
૧ શા. નાગર લેરાભાઈ
૩ શા ડાહ્યા ડુંગરભાઇ તેમાં
૧ શા. બેચર કાનજિ ગેડી
૨ શા માણેકચંદ હરખચંદ
૨ શા હરખચંદ પાનાચંદ
૨ શા ઉજમશી ગોકળદાસ
૧ શેઠ. સુખલાલ પીતામ્બર
૧ શંઘવી નીમા ચતુર
૧ શા કુંવરજી ગોકળ
૧ શા પરશોતમ ધરમશી

૧ ભાવસાર રામજિ કુબેર
૩૦ શા. મોહનલાલવલુભાઈ મા
૩ શા મોહનલાલ વલુભાઇ
૧ શા કેશવલાલ ફુલચંદ
૧ વોરા. કસ્તુર બેચર
૧ શેઠ. જિવરાજ જાદવજિ
૧ શા. હેરા વલુ
૧ ગોસળીયા. હીરા રઘુ
૧ ખંધાર. ઉજમશી ગોડા
૧ શેઠ. ઉજમશી તેજા
૧ શા. ધોળા મોતી સુડામ.
૧ શા અમરતલાલ કાળુશા
૧ શા ઉજમશી મેરાજ કે.
૧ સા ઓઘડ દેવચંદ
૧ મણીયાર ચત્રભુજ ડુંગર
૧ વો. સોમચંદ નહાનજિ
૧ શંઘવી. નાગર લખમીચંદ
૧ શા મગનલાલ લખમીચંદ
૧ શા લાલચંદ ઝુઝાભાઈ
૧ શંઘવી ઉજમશી ગફલ
૧ શા ભીમજિ ગોબર
૧ શા પોપટ મોતીચંદ
૧ શા મનસુખ ફતે
૧ કોઠારી. કસ્તુર પદમશી
૧ કો. અમરતલાલ સુંદરજિ
૧ શા ભાયચંદ લાલચંદ
૧ શા દામોદર અખજિ
૧ શંઘવી ગોબર મુળજ
૧ શા. મગનલાલ બાવા

અમદાવાદ

૭૦ શા. ગીરધરલાલભાઇની મા
૧૫ શા પાનાચંદ ઝવેર
૧૦ શા ખીમચંદ ઝવેર
૫ શા પરશોતમ દીપચંદ
૪ શા ગલાબચંદ હીરાચંદ
૩ શા મનસુખ શોભાગ
૨ શા નાનચંદ ફુલચંદ
૨ શા કાળીદાસ વરજલાલ
૨ શા ધરમચંદ ફુલચંદ
૨ શા મંછારામ બલાખીરામ
૨ શા મલીચંદ બલાખીરામ
૧ શેઠ ગીરધર શંકર
૧ શા ભીખાસા ફુલચંદ
૧ શા નાગરદાસ મનસુખરામ
૧ શા સાંકળચંદ ગલાબચંદ
૧ શા જગજિવન બલાખી
૧ શા છોટાલાલ માહાશુખ
૧ શા પરસોતમ જેઠા
૧ શા ગોપાળ પાનાચંદ
૧ શા ઈશ્વર ભગવાન
૧ શા ચુનીલાલ નરસીંહ
૧ શા કેવળદાસ લાલચંદ
૧ શા બેહેચરદાસ ગોરધન
૧ શા અમથાદાસ કાસીદાસ
૧ શા મોતીલાલ સાંકળચંદ
૧ શા ગીરધર છગન
૧ ભા. લલુ ભુધર
૧ શા સાંકળચંદ ડુંગરશી

૧ શા હસમુખ હરજીવન
૧ શા નગીનદાસ ગીરધર
૧ શા હેમચંદ ગલાબચંદ
૨ ભા. સામળ નથુ
૧ શા વાડીલાલ ત્રીકમલાલ
અમદાવાદ.
૫૦ રા રા. લેરાભાઈની મા.
૧૦ શા મલીચદ જેચંદ
૧૦ શા માણેખ ગલાબચંદ.
૪ શા માહાશુખરામ જેઠા
૪ શા રાયચંદ હેમચંદ
૪ શા કરમચંદ રામચંદ
૪ શા તરભોવન જગજીવન

૨ શા મગનલાલ ગોપાલ
૨ શા વરજભુખણ ભીખાભા
૧ શા વરજીવનદાસભુધરદાસ
૧ શા સોમનાથ હરી
૧ શા પાનાચંદ નાગર
૧ શા છગનલાલ વનમાળી
૧ શા મોહનલાલ ઓતમ
૧ શા ચુનીલાલ કેસવલાલ
૧ શા દોલતરામ રાજારામ
૧ શા કચરા સાંકળચંદ
૧ શા ધરમચંદ લખમીચંદ
૧ શા લખમીચંદ ખીમચંદ

# जैन धर्म दर्पण

## [માસીક ચોપાનીયું]

ટપાલ સાથે વર્ષ એકનો રૂપૈયો એક

શ્રી તપા ગચ્છમાંથી તેમના ધર્મને લગતાં ઘણાં ચોપાનિયાં પ્રકટ થાયછે, પણ આપણા ઢુંઢીઆ ધર્મને લગતું એવુ એકે ચોપાનિયું નીકળતું નથી, તેથી એવાં ધર્મ દર્શક ચોપાનિયાંના જરૂર છે. એવું જાણીને ઉપલાં નામનું ચોપાનિયું દર મહીને પ્રકટ કરવાનો અમે વિચાર કર્યોછે, ૫૦૦ ગ્રાહકો થશે તો છપાવી પ્રસીદ્ધ કરીશું.

જીવણ કાળીદાસ બોહોરા.

લીંબડી—ઝાલાવાડ.

# जैन स्तवनावळी.

આપણા ધર્મને લગતાં છુટક છુટક રસીલાં સ્તવનો સુધારી એકઠાં કરીને છપાવવાંનો ઇરાદો કીધો છે. કિંમત આગળથી ચાર આના અને પાછળથી છ આના.